**સુવિચાર**
આ સમગ્ર સૃષ્ટિ ભગવાનની લલિતકલા અકાદમી જ ગણાય છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૬/૦૭/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ અષાઢ વદ-૬ વર્ષ : ૧૬ અંક : ૧૮૪

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
રસપાત્રા
ખાંડવી
બેબી ઈડલી
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.8999990099

## ''સબ ભૂમિ ગોપાલ કી'' સમજનાર ઈસમોમાં ફફડાટ ફેલાયો

# ધારીમાં વહીવટીતંત્ર દ્વારા સરકારી જમીન પરનું દબાણ દૂર કરાયું

**પ્રેમપરા વિસ્તારમાં અસામાજિક તત્વો દ્વારા ઘણા વર્ષોથી કરવામાં આવેલ દબાણને હટાવાયું**

**નવી વસાહત વિસ્તારમાં પણ સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ ધાર્મિક દબાણને દૂર કરાયું**

**લેનપરા વિસ્તારમાં આવેલ એક ઓટાને પણ નિયમ મુજબ દૂર કરાયો**

**પોલીસનાં ચાંપતા બંદોબસ્ત વચ્ચે મહેસુલ વિભાગે દબાણ દૂર કરાવ્યું**







અમરેલી, તા. ૧૫

અમરેલી શહેરમાં થોડા દિવસ પહેલાં ત્રણ જેટલાં માથાભારે શખ્સોએ કરેલ દબાણ દૂર કરાયા બાદ આજે ધારી ગામે એકી સાથે ત્રણ જેટલાં દબાણો દૂર કરવા માટે થઈ વહીવટીતંત્ર દ્વારા પગલાં ભરવામાં આવતાં કડક પોલીસ બંદોબસ્ત સાથે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આજે સવાર સવારમાં જ ધારીના પ્રેમપરા વિસ્તારમાં રહેતા અસામાજિકતત્વ અને માથાભારે ઈસમ માવજીભાઈ પુનાભાઈ વાઘેલા નામના ઈસમે ધારી પ્રેમપરા વિસ્તારમાં સરકારી જગ્યામાં દાદાગીરીથી બાંધકામ કરેલ હોય તે બાંધકામ વહીવટીતંત્ર, પોલીસ વિભાગ, પીજીવીસીએલની ટીમ સહિતના કર્મચારીઓએ જઈ સરકારી જમીન ઉપર કરેલ દબાણ દૂર કરી અંદાજિત કિંમત આશરે ૧,૦૦,૦૦૦ ની કિંમતની જગ્યા ખુલી કરવામાં આવી હતી.

ધારીના પ્રેમપરા

અનુસંધાન પાના ૬ ઉપર

---

### રૂપિયા ૭.૫૦ લાખની રકમ આડી અવળી કરી

## લ્યો બોલો : ચિત્તલની યસ બેન્કનાં કર્મચારીએ ખેડૂત સાથે કરી છેતરપીંડી

**વૃધ્ધ ખેડૂતે સ્થાનિક પોલીસ સમક્ષ ફરિયાદ કરી**

અમરેલી, તા. ૧૫

અમરેલી તાલુકાના ચિતલ ગામ નજીક આવેલ જસવંતગઢ વિસ્તારના રામાપીરના મંદિર પાસે રહેતા અને ખેતી કામ કરતા રામજીભાઈ પરશોતમભાઈ સોરઠીયા નામના ૬૦ વર્ષિય વૃધ્ધના ચિતલ ગામે આવેલ યસ બેંકના સી.સી. ખાતામાં ગત તા.

અનુસંધાન પાના ૬ ઉપર

---

### છેલ્લા ૧ વર્ષથી માર્ગ બિસ્માર છતાં તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં

## બાબરાનાં પાનસડાથી ગરણી વાયા ગરણેશ્વર મંદિરનો માર્ગ અતિ બિસ્માર બનતા પરેશાની

**શિવભક્તોને મંદિરે પહોંચવામાં ભારે મુશ્કેલી**



તસ્વીર : ભરત મહેતા–કોટડાપીઠા

કોટડાપીઠા, તા. ૧૫

બાબરા તાલુકાના પાનસડાની ગરણી વાયા ગરણેશ્વર મહાદેવ જે રસ્તો સીંગલ ડામર પટ્ટી રોડ ઘણા વર્ષો પહેલા બનેલ હાલ આ રસ્તો છેલ્લા એક વર્ષથી સાવ બીસ્માર બનેલ છે. રોડમાં ઠેર–ઠેર ગાબડા પડેલ છે. આ રોડ ડામર રોડ છે કે, રફ રોડ, આ રસ્તે સ્વયંભુ ગરણેશ્વર મહાદેવનું પૌરાણીક ધામ આવેલ છે. આ રસ્તો ચોવીસેય કલાક વાહનોથી ધમધમતો રહે છે. થોડા સમય બાદ શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે. આ રસ્તે પૌરાણીક સ્વયંભુ ગરણેશ્વર મહાદેવનું મંદિર (ધામ) હોવાથી શ્રાવણ માસમાં ભકતજનોનો અવીરત પ્રવાહ દાદાની સેવા પુજા કરવા આવતા ભાવિકો, દર્શનાર્થીઓ ભારે હાલાકી વેઠવી પડશે, તો આ બાબતે ગંભીરતાથી ધ્યાનમાં લઈ સતાધીશો વહેલી તકે આ રોડનું વાહન ચલાવવા યોગ્ય બનાવે તેવી માંગણી બળવતર બની છે.

---

### છેલ્લા દોઢેક માસથી નાસી ગયા બાદ

## અમરેલીનાં વિશ્વાસઘાતનાં ગુન્હામાં નાસતા–ફરતા આરોપીની અટકાયત

**એલસીબી પીઆઈનાં માર્ગદર્શનતળે પેરોલ ફર્લો ટીમની કામગીરી**



અમરેલી, તા. ૧૫

આજથી ત્રણ વર્ષ પહેલા ગત તા.૧૮/૭/૨૨ થી તા.૧૦/૧૦/૨૨ દરમ્યાન અમરેલીની બ્રાહમણ સોસાયટીમાં આવેલ યોગેશ્વર સોસાયટીના બ્લોક નં.૧૫ રહેતા આરોપી વિશાલભાઈ મહેશભાઈ મહેતા તથા અન્ય આરોપીઓએ સાથે મળી કાવતરૂ રચી ચુંટણીના પ્રચાર પ્રસાર માટે પુનિતભાઈ વ્યાસ સાથે કામ કરતા હોય, તેમાં અને તેમા આરોપીઓએ રોકાણ કરવા માટેનું કહી, ઉંચા વળતર મેળવવાની લાલચ આપી પ્રથમ પુનિતભાઈ વ્યાસના પત્નિને આરોપીઓએ બે કોરા ચેક

અનુસંધાન પાના ૬ ઉપર

---

### ટ્રાફિકને લગત નિયમોનો ઉલાળીયો કરીને

## સાવરકુંડલાનાં જેસર માર્ગ ઉપર ઓવર હાઈટેડ સામાન ભરેલ ટ્રકનો પ્રવેશ

**સિમેન્ટની ટાંકીનું દોરડું તુટતા ૧ વ્યકિત ઈજાગ્રસ્ત**





સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલા જેસર રોડ પર ઓવર હાઈટેડ સામાન ભરેલ ટ્રક જોખમી રૂપે ગામમાં પ્રવેશ જોખમી રૂપે બાંધેલ મોટી સિમેન્ટની ટાંકીનું દોરડું તૂટતા બાંધેલ લોખંડની ભારે ગ્રિલ પડતા ફૂટપાથ ઉપર ઊભેલ વ્યક્તિ પર પડતા ગંભીર ઈજા પહોંચેલ. એ સમય દરમિયાન બાજુમાં આવેલ ગરૂકુળ સ્કૂલના બાળકો છૂટવાનો સમય હતો. જેમાંથી બાળકો પર આ લોખંડની ભારે ગ્રિલ પડતા બચી ગયેલ આ રાક્ષસી ટ્રકને અમરેલી રોડે પહોંચવાનું હતું.

જો જાહેરનામું દિવસ દરમિયાન ગામમાં પ્રવેશવા પર પ્રતિબંધ છે. તો તંત્ર શું નિંદ્રામાં હતુ? એ સવાલ લોકમુખે ચર્ચાઈ રહ્યો છે. આવા ઓવર હાઈટેડ સામાન ભરેલ ટ્રક જોખમી જો આવી રીતે ખુલ્લેઆમ શહેરમાંથી પસાર થાય અને એ પણ ધોળા દિવસે..!! આવા વાહનોને શહેરમાંથી પસાર થવાની મનાઈનું જાહેરનામું હોય ત્યારે જવાબદાર કોણ?

---

### ૨ બાળકીઓને પરેશાન કરવાનાં આરોપમાં જેલમાં રહેલ

## અમરેલીનાં ભારતનગરમાં પ્રાથમિક શાળાના શિક્ષક જામીન અરજી નામંજુર

**સ્પે. પોકસો કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળી નિર્ણય કર્યો**

અમરેલી, તા. ૧૫

તાજેતરમાં અમરેલી નજીક આવેલ ભારતનગરમાં આવેલ પ્રાથમિક શાળાના એક શિક્ષક દ્વારા શિક્ષણ જગતને શર્મસાર કરે તેવું કૃત્ય આચારમાં આવેલ હતું. આ ઘટનાના પગલે અમરેલી શિક્ષણ જગતમાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

આ બનાવમાં અમરેલી નજીક આવેલ ભારતનગરમાં આવેલ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા આરોપી શિક્ષક મહેન્દ્રભાઈ જેરામભાઈ કાવઠીયાએ એક ૮ વર્ષ તથા એક ૧૦ વર્ષની બાળકીઓ સાથે ગંદુ કામ કરતા ભોગ બનનારના બાળકીના વાલીઓએ આરોપીને રંગે હાથ ઝડપી લઈ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. અને તેના આધારે આરોપી શિક્ષક મહેન્દ્રભાઈ જેરામભાઈ કાવઠીયાની પોલીસે ધરપકડ કરી હતી.

આ બનાવમાં આરોપી શિક્ષક મહેન્દ્રભાઈ જેરામભાઈ કાવઠીયા હાલ જેલમાં હોય અને તેમણે જેલમાંથી જામીન ઉપર મુકત થવા માટે

અનુસંધાન પાના ૬ ઉપર

**અમરેલીના જુના માર્કેટયાર્ડમાં**
**દુકાન વેચવાની છે...**
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

Krishna DINING HALL
**કિષ્ના ડાઈનીંગ હોલ**
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
કિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

**૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ**
**88,200/-**
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૫/૦૭/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## જિલ્લાની જનતા માટે ''આખલા યુધ્ધ''નાં દ્રશ્યો રોજિંદા બન્યા

# આ દેખે જરા : અમરેલી જિલ્લામાં હંમેશા જોવા મળે આખલા યુધ્ધ

જિલ્લાભરમાં રખડતા આખલાઓ અને ગાયને સલામત સ્થળે ખસેડવાની કામગીરી કયારેય કરાતી જ નથી

આખલાઓને લઈને અવારનવાર થતાં અકસ્માતને લઈને કોઈની અમૂલ્ય જીંદગી પણ છીનવાઈ રહી છે

જિલ્લાની એકપણ વિકાસલક્ષી બેઠકમાં રખડતા પશુઓની સમસ્યા દૂર કરવા માટે ગંભીરતાથી વિચારાતું નથી

ગ્રામ પંચાયત કે પાલિકામાં શાસકોને ખબર જ નથી કે રખડતા પશુઓ પણ એક સમસ્યા છે





અમરેલી, તા. ૧૫

અમરેલીમાં રખડતા પશુઓની સમસ્યા વિકરાળ બની રહી છે અને છતાં એક પદાધિકારી કે અધિકારી આ સમસ્યા દૂર કરવા માટે કોઈ આયોજન કે બેઠક કરતા ન હોય જિલ્લાની જનતામાં રખડતા પશુઓને લઈને રોષનો માહોલ જોવા મળી રહ્યો છે.

અમરેલી જિલ્લાનાં જુદા–જુદા શહેરો અને ગામોમાંથી દિ'ઉગેને થતાં આખલા યુધ્ધની તસ્વીર પ્રકાશમાં આવી રહી છે. તો ટ્રાફિકથી ધમધમતાં વિસ્તારમાં માર્ગની વચ્ચે બેસતા ગાયનાં ટોળાનાં દ્રશ્યો પણ સામે આવી રહ્યાં છે. તો રખડુ શ્વાન પણ નાના બાળકો કે વૃધ્ધોને પરેશાન કરતાં હોવાની ફરિયાદ ઉભી થતી રહી છે.

રખડતા પશુઓને સલામત સ્થળે ખસેડીને નાગરિકોને ભયમુકત કરવાની જવાબદારી સ્થાનિક ગ્રામ પંચાયત કે પાલિકા તંત્રની હોય છે પરંતુ એક જનપ્રતિનિધિ કે અધિકારીને રખડતા પશુઓની સમસ્યા દૂર કરવાની જરૂર લાગતી નથી.

આમ તો, વહીવટીતંત્ર કે જનપ્રતિનિધિઓને નાગરિકોની પડતી પરેશાની અંગે મીડિયા જગત અવારનવાર સાવચેત કરતું હોય છે. પરંતુ સત્તાનાં મદમાં શાસકો મીડિયામાં પ્રસિધ્ધ થતાં અહેવાલને ગંભીર લેતું નથી અને જયારે કોઈ ગંભીરા પુલ તૂટવા જેવી ઘટના બને એટલે દિ'રાત પુલનું પરીક્ષણ કરવા નીકળે છે. તો કોઈ પશુનાં કારણે કોઈ મોટી દુર્ઘટના ઘટે તેની રાહ તંત્ર જોશે કે પછી રખડતા પશુઓની સમસ્યા દૂર કરે છે તે જોવું રહ્યું.

### ગ્રામ પંચાયતનાં શાસકો આળશ ખંખેરે

## લીલીયા મોટા : કિકાણી પ્લોટ અને અન્ય વિસ્તારમાં કાદવ કિચડથી ગ્રામજનો પરેશાન

### સ્થાનિકોને ઘરની બહાર નીકળવામાં મુશ્કેલી

લીલીયા મોટા, તા. ૧૫

લીલીયાનો પોરા વિસ્તાર ગણાતા કિકાણી પ્લોટની અનેક જગ્યાઓ કાદવ–કીચડીથી ભરાઈ છે. છેલ્લા ત્રણ વર્ષથી સરકારની યોજના હેઠળના કામ કરવા માટે કિકાણી પ્લોટ શિવ મંદિર પાસે રસીકભાઈ દવાવાળ ાના ઘરની જાનકી રેસીડેન્સી સુધીના ખોદકામ કરી નાખેલ હોય રોડ રસ્તાની અવદશા કરી નાખેલ હોય આ વિસ્તારમાં વરસાદના પાણી પડવાથી ખેતરાઉ માટી હોવાને કારણે અનેક જગ્યાએ ખાડા–ચીલા પડી જતા કાદવ કિચડ જમા થયેલ છે. આ વિસ્તારના લોકોને ઘરની બહાર નીકળવું કે વાહન લઈને પસાર થવુ એટલે ખુબ જ



પરેશાની વેઠવી પડે છે. વૃધ્ધો નાના બાળકો બહાર નીકળી શકતા નથી. આ વિસ્તારમાં શિવ મંદિર સ્કુલ પણ આવેલા હોય પવિત્ર શ્રાવણ માસ આવી રહ્યો હોય તાકીદે આ રોડ રસ્તા રીપેરીંગ ખાડામાં માટી કામ પુરવાનુ કે લેવલીંગનું કામ સરપંચ, તાલુકા પંચાયત, સભ્ય, જીલ્લા પંચાયત સદસ્ય, ઉચ્ચ અધિકારીઓ કરી આપે તેવી આશા રાખી રહ્યા છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમત રંગ લાવી

## આનંદો : દામનગરમાં રૂપિયા ૪.૪૫ કરોડનાં ખર્ચે રીવર ફ્રન્ટ બનાવવાનો નિર્ણય

### શહેરીજનોમાં પણ ખુશીનો માહોલ છવાયો

દામનગર, તા. ૧૫

લાઠી બાબરા–દામનગર પંથકના વિકાસ માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી દામનગરમાંઆશરે૪.૪૫કરોડરૂપિયાના ખર્ચે એક ભવ્ય રિવરફ્રન્ટ બનાવવાની સૈદ્ધાંતિકમંજૂરીમળીગઈછે.આસમાચાર મળતા જ દામનગરના લોકોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે અને તેમણે ધારાસભ્યનોઆભાર વ્યકત કર્યોહતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, દામનગરખાતેરિવરફ્રન્ટનાનિર્માણમાટે ધારાસભ્ય લાંબા સમયથી પ્રયત્નશીલ હતા. તેમણે સ્થાનિકોની રજૂઆતો અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સરકાર સમક્ષ આ પ્રોજેક્ટ માટે રજૂઆત કરી હતી. તેમના સતત ફોલોઅપ અને પ્રયાસોના પરિણામે આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટને સૈદ્ધાંતિક મંજૂરી મળી છે.

દામનગર માટે રિવરફ્રન્ટ માત્ર સૌંદર્ય વધારતું સ્થળ નહીં, પરંતુ નાગરિકોને સ્વાસ્થ્ય માટે ચાલવા, યોગ, બાળકોને રમવા અને પરિવાર સાથે સારો સમયવિતાવવાનોઅવકાશઆપતુંસ્થળ બનશે. સાથેસાથેસ્થાનિકવેપારીઓમાટે રોજગારીનાનવાદરવાજાપણખુલશે.

દામનગરનીજનતાએવર્ષોથી જેઆશારાખીહતીતેહવેસાકારથવાજઈ રહીછે.રિવરફ્રન્ટનાસ્વરૂપેતેમનેમાત્રએક નવુંસ્થળનહી,પણસમૃદ્ધભવિષ્યતરફનો વિસપણમળીરહ્યોછે.

## અમરેલી : સિટી પોલીસે મોબાઈલ ચોરીનો ભેદ ખોલી દીધો

અમરેલી, તા.૧૫

અમરેલી સીટી પોલીસ સ્ટેશના પોલીસ ઈન્સપેકટર ડી. કે. વાઘેલાનીરાહબરીહેઠળસર્વેલન્સટીમદ્વારા અમરેલી સીટી પોલીસ સ્ટેશનના આઈ.પી.સી.ક.નીકલમ.૩૭૯મુજબના ગુન્હાના કામે ટેકિનકલ સોર્સ આધારે અનડિટેકટ રહેલ ગુન્હો ડિટેકટ કરી ચોરી કરેલ મોબાઈલ ફોન સાથે અમરેલી, બહારપરામાં રહેતા અલ્તાફભાઈ મુસાભાઈ કાલવા નામના ઈસમને ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.




ખુશ ખબર ખુશ ખબર ખુશ ખબર
સારા સમાચાર TATA AIA LIFE INSURANCE સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
વધારાની આવક મેળવો અને આર્થિક રીતે સ્વતંત્ર બનો
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો
Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli


### પ્રધાનમંત્રીનાં ''સહકારથી સમૃધ્ધિ'' સંકલ્પને સાકાર કરવા માટે

## દેશમાં સહકારિતા મંત્રાલયની ૪ વર્ષની યાત્રામાં મંત્રાલયે ૬૦થી વધુ મહત્વપૂર્ણ પહેલની શરૂઆત કરી

### કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કોઈ કસર છોડી નથી




અમરેલી, તા. ૧૫

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએઆપેલા ''સહકારથીસમૃધ્ધિ'' સંકલ્પને સાકાર કરવા માટે કેન્દ્રીય સહકારિતા મંત્રીઅમિતશાહે કોઈ કસર નથીછોડી. નવાસહકારિતા મંત્રાલયની સ્થાપના બાદ ચાર વર્ષોમાં સહકાર ક્ષેત્રે અભૂતપૂર્વપ્રગતિજોવામળીછે. તેઓના નેતૃત્વમાં જયાં સહકારિતાની ખામીઓ ઓળખીઅનેતેમનેદૂર કરવાનીદિશામાં ઝડપથી પગલાં લેવાયા, ત્યાં બીજી તરફ સહકારિતાને નવી દિશા આપવા માટે નોંધપાત્ર સુધારાઓ કરવામાંઆવ્યા. જે ''સહકારિતાનીબીજીક્રાંતિ'' કહીશકાય એમાં અતિશયોકિત નહીં કહેવાય. આ સમયગાળામાંસહકારિતામાં ૬૦થીવધુ મહત્વપૂર્ણ પહેલ કરવામાંઆવી છે.

સહકારી સંસ્થાઓનું ડેટાબેસ તૈયાર કરવામાં કેન્દ્રીય મંત્રી શાહના નેતૃત્વ હેઠળ મંત્રાલયે અવિરત પ્રયાસો કર્યા છે. મોડેલ ઉપનિયમોથી પેકસથી લઈને એપેકસ સુધીમાં સુધારાઓ જોવા મળ્યા છે. દેશમાં સહકારિતાનેદરેક ગામ સુધી પહોંચાડવા માટેકુલબેલાખવધારાના પેકસનીરચના કરવાનોલક્ષ્યરાખવામાંઆવ્યોછે, જેમાં ખેતી, ડેરી, માછીમારી અને મીઠા પેકસનોસમાવેશથાયછે.

સહકારિતામાં પારદર્શિતા અને કાર્યક્ષમતા લાવવા માટે પેકસ કમ્પ્યુટરીકરણની પ્રક્રિયાને ઝડપથી અમલમાં મુકવામાં આવી છે. સહકારિતાના પુનરોજીવનની કામગીરીમાં શાહે રાજયોને સાથે રાખી આગળ વધ્યા છે. જુના સહકારી કાયદાઓમાંયોગ્યસુધારાઓ કરીનેનવી જોવગવાઈઓ કરવામાં આવી છે. સહકારિતામાંકાનૂનીસુધારાનાભાગરૂપે મલ્ટી–સ્ટેટ કોઓપરેટિવએકટમાંજરૂરી સુધારાઓ કરવામાં આવ્યા છે. સહકારિતામાં ચૂંટણી માટે અલગથી ''મધ્યવર્તીસહકારીચૂંટણીઅધિકરણ''ની સ્થાપના કરવામાંઆવીછે.

પેકસને સશકત બનાવવા માટે વેપાર પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવ્યા છે, જેમાં વિવિધ મંત્રાલયોની યોજનાઓનો સમાવેશ થયો છે. સહકારિતામાં યુવાનોને જોડવા માટે અનેકયોજનાઓશરૂ કરવામાંઆવીછે. સહકારિતામાં તાલીમ પ્રાપ્ત કુશળ યુવાનોની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે દેશની પ્રથમ ''ત્રિભુવન સહકારી યુનિવર્સિટી''નીસ્થાપના કરવામાંઆવી છે, જેમાંઆસત્રથીશિક્ષણકાર્યશરૂથવા જઈ રહ્યું છે. આ યુનિવર્સિટી સહકારી વહીવટ, નેતૃત્વ, ઉદ્યોગ સાહસિકતા, ડિજીટલ મેનેજમેન્ટ અને નીતિ નિર્માણ જેવા ક્ષેત્રોમાં વિશિષ્ટ અભ્યાસક્રમો ધ્વારા વિદ્યાર્થીઓ અને સહકારી કર્મચારીઓને તાલીમ આપશે. આ યુનિવર્સિટીધ્વારાસહકારીબેંક, માર્કેટિંગ સંઘ, રહેઠાણ સમિતિઓ, કૃષિ સેવા સમિતિઓ અને અન્ય ક્ષેત્રોમાં કુશળ માનવસંસાધનોનીજરૂરિયાત પૂર્ણ થશે.

સહકારી ખાંડ મિલોની સમસ્યાઓનોઉકેલલાવતીવખતેકેન્દ્રીય સહકારિતા મંત્રીશાહેતેમનેખાનગીઅને જાહેરખાંડમિલોસાથેસમાનતકોઆપી છે. તેમની ઈન્કમટેકસ નીતિને યુકિતસંગતબનાવીદેવામાંઆવીછેઅને આર્થિકપડકારોદૂર કરવામાંઆવ્યાછે.

રાષ્ટ્રીય સ્તરે ત્રણ નવી સહકારી સંસ્થાઓ–બીજ, નિકાસ અને ઓર્ગેનિકસની રચના કરવામાંઆવીછે, જેખેડૂતોની આવક વધારવામાં મદદરૂપ થઈ છે. દેશની અન્નસલામતીનેધ્યાનમાં રાખી સહકાર ક્ષેત્રે વિશ્વની સૌથી મોટી અનાજસંગ્રહયોજનાહાથધરવામાંઆવી છે. જેઅંતર્ગતગ્રામપંચાયતસ્તરેગોડાઉન બનાવવાનીયોજનાપર કામશરૂથયુંછે. પાયલોટ પ્રોજેકટ પૂર્ણ થયા બાદ પ્રથમ તબકકાનો આરંભ કરવામાં આવ્યો છે.

ખેડૂતોની મુશ્કેલીઓ ઓછી કરવામાટેસહકારિતા મંત્રાલયેનોંધપાત્ર પહેલ કરી છે. હવે સહકારી સંસ્થાઓને ખેડૂતોના ઉત્પાદનને એમએસપી ભાવે ખરીદવાની જવાબદારી સોંપવામાં આવી છે. નેફેડ અને એનસીસીએફ જેવી સંસ્થાઓ દાળ અને તેલબિયાને એમએસપી પર ખરીદી રહી છે.

સરકારી પહેલથી સહકારી બેંકોનેહવે જાહેર અને ખાનગી બેંકો જેવી સગવડો મળવા લાગી છે. નવી શાખાઓ ખોલવાની મંજૂરી તેમજ વ્યવસાય વિસ્તરણની છૂટછાટ આપવામાં આવી છે. એનસીડીસીનાં લોન વિતરણમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. ચાલુ નાણાકીય વર્ષમાં તેનું લક્ષ્ય લગભગ પોણા બે લાખ કરોડ રૂપિયા છે. જેના પરિણામે સહકારી સંસ્થાઓ આર્થિક રીતે મજબૂત બની રહી છે. સહકારિતા મંત્રાલયે આ ચાર વર્ષમાં ૬૦થી વધુ મહત્વપૂર્ણ પહેલો શરૂ કરી છે, જેના લાભ દેશભરની સહકારી સંસ્થાઓને મળી રહ્યો છે.

ભારતમાં સહકારી આંદોલનની સમૃધ્ધ અને પ્રભાવશાળી પરંપરા રહી છે. ખાસ કરીને ગ્રામિણ અને કૃષિ આધારિત અર્થતંત્રમાં આંદોલનના માધ્યમથી વ્યાપક સામાજિક–આર્થિક પરિવર્તન આવ્યું છે. દેશભરમાં હાલમાં ૮.૫ લાખથી વધુ સહકારી સંસ્થાઓ કાર્યરત છે, જેમાં લગભગ ૨૯ કરોડ નાગરિકો સભ્ય તરીકે જોડાયા છે. આ સંસ્થાઓ કૃષિ ઉત્પાદન, ગ્રામિણ નાણાંકીય સેવાઓ, રહેઠાણ, માર્કેટિંગ, ઉપભોકતા સેવાઓ, ડેરી ક્ષેત્ર, માછીમારી અને અન્ય ઉદ્યોગોમાં સક્રિય ભાગીદારી નિભાવી રહી છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241



સંજય ટાયર્સ સંજય ટ્રેડલીંક
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કુલ સામે, અમરેલી
સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો–રૂમ પાસે, અમરેલી.

ટાયર–ટ્યુબ, ઓઈલ–ગ્રીસ, વ્હીલ પ્લેટ -ધરા, જેક-ફીલ્ટર, બેટરી રીટેઈલ તથા હોલસેલ
કોમ્પ્યુટર રાઈઝ એલાઈમેન્ટ, બેલેનસીંગ, ઓટોમેટીક ટાયર ફીટીંગ, નાઈટ્રોજન એર, સર્વિસ ઉપલબ્ધ
YOKOHAMA CEAT JK TYRE MRF apollo EUROGRIP BRIDGESTONE GOODYEAR ALLIANCE MICHELIN Castrol HP TAPARIA BOSCH ASCENSO RUBBER KING JAINSON

## જિલ્લાનાં પ્રભારી મંત્રીનાં અધ્યક્ષ સ્થાને મળેલ આયોજન બેઠકમાં

# અમરેલી જિલ્લામાં વિકાસ કાર્યો માટે ૧૫ કરોડ મંજૂર

**જિલ્લાનાં ૧૧ તાલુકાઓ અને ૯ નગરપાલિકાઓ માટે વિવિધ અનુદાન હેઠળ વિકાસ કાર્યો કરાશે**

**માર્ગો, ભૂગર્ભ ગટર, પુર સંરક્ષણ દીવાલ, કોઝવે, સ્ટ્રીટલાઈટ સહિતની કામગીરી કરાશે**

**ધારાસભ્ય દ્વારા મંજૂર કરવામાં આવેલ કામોનું પ્રગતિ પત્રક રજૂ કરવામાં આવ્યું**

**બેઠકમાં જિલ્લાનાં ધારાસભ્યો અને મુખ્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા**








અમરેલી, તા. ૧૫

રાજય સરકારના મત્સ્યદ્યોગ અને પશુપાલન રાજયમંત્રી તેમજ અમરેલી જિલ્લાના પ્રભારી મંત્રી પરશોત્તમભાઈ સોલંકીની અધ્યક્ષતામાં અને તેમની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ હતી.

અમરેલી જિલ્લા પંચાયત ખાતે યોજાયેલ આ બેઠકમાં અમરેલી જિલ્લાના વિકાસને વેગ આપતા અને નાગરિકલક્ષી સુવિધા તેમજ સુખાકારીમાં વધારો કરતા વર્ષ ૨૦૨૫–૨૬ના વિવિધ કામો મંજૂર કરવામાં આવ્યા હતા.

પ્રભારી મંત્રીના અધ્યક્ષ સ્થાનેથી જિલ્લા આયોજન વિકેન્દ્રિત અંતર્ગત રૂા. ૧૨.૨૩ કરોડના ખર્ચે તાલુકા કક્ષાના ૪૫૮ કામ, ૧૫% વિવેકાધિન જોગવાઈ અંતર્ગત રૂા. ૨.૧૫ કરોડના ખર્ચે નગરપાલિકા કક્ષાના ૨૮ કામ, ૧૫% વિવેકાધીન જોગવાઈ અંતર્ગત રૂા. ૮૮.૫૦ લાખના ખર્ચે જિલ્લા કક્ષાના ૨૯ કામ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની ખાસ પ્લાન યોજના અંતર્ગત રૂા. ૧૫ લાખના ખર્ચે ૦૩ કામને મંજૂરી આપવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા આયોજન મંડળની બેઠકને માર્ગદર્શન આપતા પ્રભારી મંત્રીએ મંજૂરી આપવામાં આવેલા કામો અને પ્રગતિ તળેના કામોને સત્વરે પૂર્ણ કરવા સૂચન કર્યુ હતુ.

બેઠકમાં, વર્ચ્યુઅલ માધ્યમથી સાવરકુંડલા–લીલીયા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, રાજુલા–જાફરાબાદ વિસ્તારના ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, ધારી–બગસરા–ખાંભા વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયા પણ પ્રભારી મંત્રી સાથે જોડાયા હતા.

જિલ્લા આયોજન મંડળની બેઠકમાં જિલ્લા પંચાયત ખાતેથી, લાઠી–બાબરા મતવિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, અમરેલી જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજની ઉપસ્થિતિમાં મળેલી આ બેઠકમાં જિલ્લાના ૧૧ તાલુકાઓ અને ૯ નગરપાલિકાઓ માટે વિવિધ અનુદાન હેઠળ વિકાસ કાર્યોનું આયોજન રજૂ કરવામાં આવ્યું હતું.

જિલ્લા આયોજન મંડળ અંતર્ગત મંજૂર કરવામાં આવેલ અનુદાનની રકમ દ્વારા થનારા વિકાસના કામોમાં રસ્તા, ભૂગર્ભ ગટર, પૂર સંરક્ષણ દિવાલ, કોઝ–વે, વોર્શીંગઘાટ, આંગણવાડી, સ્ટ્રીટ લાઈટ, બસ સ્ટેન્ડ વગેરે જેવા માળખાકીય અને જનસુખાકારીના કામોને આવરી લેવામાં આવ્યા છે.

આ બેઠકમાં જિલ્લા આયોજન મંડળમાં ધારાસભ્યની ગ્રાન્ટમાંથી, વર્ષ ૨૦૨૨–૨૩, વર્ષ ૨૦૨૩–૨૪, વર્ષ ૨૦૨૪–૨૫માં મંજૂર કરવામાં આવેલા કામોનું પ્રગતિ પત્રક રજૂ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત વર્ષ ૨૦૧૮–૧૯થી રાજયસભાના સાંસદ અને વર્ષ ૨૦૧૯–૨૦થી વર્ષ ૨૦૨૪–૨૫ સુધી સાંસદની ગ્રાન્ટમાંથી મંજૂર કરવામાં આવેલા કામોનું પ્રગતિ પત્રક પણ રજૂ કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જિલ્લા આંકડા અધિકારી અને જિલ્લા આયોજન મંડળના નિરીક્ષક તરીકે ડી.એ. ગોહિલ, જિલ્લા આયોજન અધિકારી ભટ્ટ, જિલ્લા પંચાયત સામાજિક ન્યાય સમિતિના ચેરમેન, તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફિસરો સહિતના જિલ્લા વહીવટી તંત્રના સંબંધિત અધિકારી–કર્મચારીઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠકનું સંચાલન જિલ્લા આયોજન અધિકારીએ કર્યુ હતુ.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦






નવનીત ઓટો સેન્ટર
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

સ્વ. ડો. હિતેશ શાહની.....
શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો. કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
- કાનમાંથી નિકળતી રસી, ફુગ, મેલ માટે નિદાન અને સારવાર
- કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન
- કાનની બુઠ્ઠનું ઓપરેશન
- એલર્જી, ચક્કર, સાયનસનું નિદાન અને સારવાર
- સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
- એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
- $CO_2$ લેસર સર્જરી
- થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭






મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ





ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
4 BHK
લોનેબલ ટાઇટલ કિલિયર
21.9 X 42.8 ગ્રાઉન્ડ એરીયા
૧૭, એન્જલ-૨, લાઠી રોડ, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)






* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
સેલ્સ ગર્લ્સ..૨
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪/૯૪૯૯૬ ૫૨૧૦૪

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો
તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ■ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫






પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

### એક અઠવાડિયામાં જ પરમાણુ યુદ્ધ શરૂ થયું હોત

# ડોનાલ્ડ ટ્રમ્પ એકવાર ફરી ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ વિરામનો શ્રેય લઈ રહ્યા છે

**પહલગામ આતંકી હુમલા બાદ ભારતે આતંકવાદીઓ સામે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું, જેના જવાબમાં પાકિસ્તાને પણ કાર્યવાહી કરી હતી**

નવીદિલ્હી,તા.૧૫

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એકવાર ફરી ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ વિરામનો શ્રેય લઈ રહ્યા છે. હવે તેમણે દાવો કર્યો છે કે, બંને દેશ વચ્ચે પરમાણુ યુદ્ધ શરૂ થવાનું હતું. જોકે, ભારતે સતત આ દાવાને નકારતા કહ્યું છે કે, સંઘર્ષ વિરામમાં કોઈ ત્રીજા પક્ષની ભૂમિકા નથી. પહલગામ આતંકી હુમલા બાદ ભારતે આતંકવાદીઓ સામે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું, જેના જવાબમાં પાકિસ્તાને પણ કાર્યવાહી કરી હતી. વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પે કહ્યું કે, 'અમે યુદ્ધ વિરામ કરાવવામાં સફળ રહ્યા હતા. ભારત અને પાકિસ્તાનને જોઈ લો. જે પ્રકારે આ યુદ્ધ ચાલી રહ્યું હતું, ભારત અને પાકિસ્તાનમાં એક અઠવાડિયામાં પરમાણુ યુદ્ધ શરૂ થઈ જાત. પરંતુ, અમે તેનો વેપારની મદદથી ઉકેલ લાવ્યા. મેં કહ્યું કે, જ્યાં સુધી તમે સમાધાન નહીં કરો, ત્યાં સુધી અમે વેપાર વિશે વાત નહીં કરઈએ અને આવું કર્યું.

જોકે, આ પહેલીવાર નથી જ્યારે ટ્રમ્પે આ પ્રકારનો દાવો કર્યો છે. પહેલા પણ અનેકવાર કહેતા રહ્યા છે કે, ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષ રોકવામાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયો પણ આ પ્રકારનો દાવો કરી ચુક્યા છે. ગત અઠવાડિયે તેમણે કહ્યું હતું કે, 'પ્રમુખ મહોદય, હું અહીં એક યાદી પર નજર દોડાવી રહ્યો છું. ઘરેલુ સ્તર પર હાંસલ કરવામાં આવેલી તમામ ઉપ્લબ્ધિઓ પર. અમે તમારા નેતૃત્વમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ પણ કરાવ્યું.'

ઓપરેશન સિંદૂર પછી ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે, પાકિસ્તાનના ડીજીએમઓએ ભારતીનો સંપર્ક કર્યો હતો. મળતી માહિતી મુજબ, તેમણે તમામ લશ્કરી કાર્યવાહી બંધ કરવાની વિનંતી કરી હતી. ભારતની કાર્યવાહીના જવાબમાં, પાકિસ્તાને ભારતીય શહેરો પર ડ્રોન અને મિસાઈલોથી હુમલો કર્યો હતો, પરંતુ ભારતીય વાયુ સંરક્ષણ પ્રણાલી સામે બધા નિષ્ફળ ગયા.

આ ઓપરેશનમાં ભારતીય પક્ષને કોઈ નુકસાન નથી થયું. , ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે પણ તાજેતરમાં આ દાવો કર્યો હતો કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતને કોઈ નુકસાન નથી થયું.

### અવકાશમાંથી ભારતીય હીરોનું આગમન

# શુભાંશુ શુક્લા ૧૮ દિવસ બાદ સફળતાપૂર્વક પૃથ્વી પર પાછા ફર્યા

**નાસા અને સ્પેસએક્સના આ સંયુક્ત મિશનમાં ચાર દેશોના અવકાશયાત્રીઓ સામેલ હતા, શુભાંશુ લગભગ ૨૩ કલાકની મુસાફરી પછી પૃથ્વી પર પહોંચ્યા**

નવીદિલ્હી,તા.૧૫

ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા છઈૈદ્બ-૪ મિશન હેઠળ અવકાશમાં ૧૮ દિવસ વિતાવ્યા બાદ ચાર અન્ય અવકાશયાત્રીઓ સાથે પૃથ્વી પર પાછો ફર્યા છે. નાસા અને સ્પેસએક્સના આ સંયુક્ત મિશનમાં ચાર દેશોના અવકાશયાત્રીઓ સામેલ હતા. શુભાંશુ લગભગ ૨૩ કલાકની મુસાફરી પછી આજે પૃથ્વી પર પહોંચ્યા છે.ભારતીય અવકાશયાત્રી શુભાંશુ શુક્લા પોતાનું મિશન પૂર્ણ કર્યા બાદ આજે ચાર અવકાશયાત્રીઓ સાથે પૃથ્વી પર પાછા ફર્યા છે. શુભાંશુએ આ મિશન દરમિયાન લગભગ ૧૮ દિવસ અવકાશમાં વિતાવ્યા છે.

આ સમય દરમિયાન તેમણે ઘણા પ્રયોગો પણ કર્યા છે. લગભગ ૨૩ કલાકની મુસાફરી બાદ, તેમનું ડ્રેગન અવકાશયાન કેલિફોર્નિયાના કિનારે સ્પ્લેશડાઉન થયું છે.શુભાંશુ શુક્લા તેમના ચાર અવકાશયાત્રીઓ સાથે ૨૫ જૂને ફ્લોરિડાના કેનેડી સ્પેસ સેન્ટરથી ફાલ્કન ૯ રોકેટ પર ISS માટે રવાના થયા હતા. પૃથ્વી પરથી ૨૮ કલાકની મુસાફરી પછી તેઓ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પહોંચ્યા. તેમણે અહીં ૧૮ દિવસ વિતાવ્યા.આ નાસા અને સ્પેસએક્સની સંયુક્ત મિશન છે. આ અવકાશ મિશનમાં ૪ દેશોના ૪ અવકાશયાત્રીઓ શામેલ છે. આ દેશો ભારત, અમેરિકા, પોલેન્ડ, હંગેરી છે જેમના અવકાશયાત્રીઓ મિશનમાં સામેલ છે.શુભાંશુ શુક્લા સાથે ચારેય અવકાશયાત્રીઓ ૧૪ જુલાઈના રોજ સાંજે ૪:૪૫ વાગ્યે આંતરરાષ્ટ્રીય અવકાશ મથકથી પૃથ્વી માટે રવાના થયા હતા. આ બધા અવકાશયાત્રીઓ ૧૫ જુલાઈના રોજ પૃથ્વી પર પહોંચ્યા હતા. આજે, એટલે કે ૧૫ જુલાઈના રોજ, બપોરે ૩ વાગ્યે કેલિફોર્નિયાના દરિયાકાંઠે સ્પ્લેશડાઉન થયું હતું. આ પછી, બધા અવકાશયાત્રીઓને સમુદ્રમાંથી બહાર કાઢવામાં આવશે.આ મિશનને સફળ બનાવવા માટે ૬૦ થી વધુ વૈજ્ઞાનિક અભ્યાસ અને ૨૦ થી વધુ આઉટરીચ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા.શુભાંશુનું આ મિશન ખૂબ જ ખાસ છે કારણ કે તે ૧૯૮૪ પછી અવકાશમાં જનાર ભારતના બીજા અવકાશયાત્રી છે. ૪૧ વર્ષ પહેલાં, રાકેશ શર્માએ ૧૯૮૪ માં સોવિયેત યુનિયનના અવકાશયાનથી અવકાશમાં મુસાફરી કરી હતી. શુભાંશુના આ મિશન પછી, ભારત ભવિષ્યમાં એક વાણિજ્યિક અવકાશ મથક સ્થાપિત કરી શકે છે. આ સાથે, અવકાશમાં નવી તકનીકોનું પરીક્ષણ અને વિકાસ પણ કરી શકાય છે. આ મિશન ૨૦૨૭ માં માનવ અવકાશયાન લોન્ચ કરવામાં મદદ કરશે.શુભાંશુ ભારતીય વાયુસેનામાં સ્કવોડ્રન કમાન્ડર છે. તેમને ૨૦૦૦ કલાકથી વધુ ઉડાનનો અનુભવ છે. શુભાંશુએ તેમની અવકાશ યાત્રા દરમિયાન ૬૦ થી વધુ પ્રયોગોમાં ભાગ લીધો છે, જેમાં ભારતના ૭ પ્રયોગોનો સમાવેશ થાય છે.

શુભાંશુએ અવકાશમાં મેથી અને મગના બીજ ઉગાડ્યા છે. તાજેતરમાં, તેમની તસવીરો પણ જાહેર કરવામાં આવી હતી.એક્સિઓમ-૪ મિશનના ડ્રેગન અવકાશયાનને આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પરથી સફળતાપૂર્વક અનડોક કર્યા પછી, ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાના માતા-પિતાએ સોમવારે કહ્યું કે તેઓ તેના સલામત ઉતરાણ માટે પ્રાર્થના કરશે. તેમના પિતાએ કહ્યું, "અમને ખૂબ આનંદ છે કે અનડોકિંગ સુરક્ષિત રીતે થયું. અમને આશા છે કે આજે ઉતરાણ પણ સરળ રહેશે.

### સાબર ડેરીમાં ઘર્ષણનો કેસ

# પૂર્વ MLA જશુ પટેલ સહિત ૭૪ લોકો સામે નામજોગ, તથા ૧ હજારના ટોળાં સામે FIR

**પોલીસકર્મીઓનો કાફલો સ્થિતિને સંભાળવા ત્યાં આવી પહોંચ્યો હતો સાબર ડેરી સામે જ પશુપાલકોએ નારેબાજી શરુ કરી હતી**

હિંમતનગર,તા.૧૫

સાબરકાંઠામાં સાબર ડેરી દ્વારા પશુપાલકોને ભાવ ફેર ઓછો ચૂકવવાના મામલે મોટી સંખ્યામાં પશુપાલકોએ ડેરી સામે દેખાવો કર્યો હતો. પોલીસ અને પશુપાલકો વચ્ચે અથડામણ સર્જાયું હતું. જેમાં પશુપાલકો દ્વારા પોલીસ ઉપર પથ્થરમારો કરાતાં પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. સાબર ડેરીમાં ઘર્ષણ મામલે પૂર્વ ધારાસભ્ય જશુ પટેલ સહિત ૭૪ લોકો વિરુદ્ધમાં નામજોગ અને ૧ હજાર ટોળા સામે FIR નોંધાવામાં આવી છે. સમગ્ર મામલે પોલીસે ૪૭ શખ્સોની અટકાયત કરી છે. હિંમતનગરના ડિવિઝનના DySP એ જણાવ્યું હતું કે, 'સાબરડેરી ખાતે ભાવફેરને લઈને મોટી સંખ્યામાં એકત્ર થયેલા ટોળાનું પોલીસ સાથે ઘર્ષણ થયું હતું. જેમાં ટોળા દ્વારા પોલીસ વાહનો, સાબરડેરીના ગેટ, ગ્રીલ સહિત નુકસાન પહોંચાડ્યું હતું. આ ઉપરાંત ટોળાએ પથ્થરમારો કરતાં કેટલાક પોલીસકર્મીને ઈજા પહોંચી છે. સમગ્ર ઘટના દરમિયાન અશોકભાઈ નામના વ્યક્તિનું મોત નીપજ્યું હતું.'

પોલીસ ફરિયાદ મુજબ, બાયડના પૂર્વ ધારાસભ્ય જશુ શીવાભાઈ પટેલ અને ધર્મેન્દ્રસિંહ નટવરસિંહ જેતાવત પર લોકોને ઉશ્કેરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. સાબર ડેરીના ચેરમેન અને ડિરેક્ટરોએ ઓછો નફો ચૂકવી પશુપાલકો સાથે છેતરપિંડી કરી હોવાને લઈને જશુભાઈ અને ધર્મેન્દ્રસિંહે સોશિયલ મીડિયા મેસેજ ફેલાવ્યા હતા અને ૧૪ જુલાઈના રોજ સાબર ડેરી ખાતે એકઠા થવા લોકોને ઉશ્કેર્યા હોવાન ફરિયાદ નોંધાવામાં આવી છે.

માહિતી અનુસાર, ગત ૧૪ જુલાઈના રોજ સાબર ડેરી ખાતે પશુપાલકો ભાવ ફેર ઓછો ચૂકવાયાનો વિરોધ કરવા એકઠા થયા હતા. આ દરમિયાન પશુપાલકોને તેમની માગણીઓ રજૂ કરવા માટે ડેરીના કમ્પાઉન્ડમાં જતા અટકાવાયા હતા. જેના પગલે પોલીસ અને પશુપાલકો વચ્ચે માથાકૂટ વધી ગઈ હતી. પશુપાલકોની એવી ફરિયાદ હતી કે, અમને ગયા વર્ષ કરતાં પણ ઓછા પૈસા ચૂકવાયા છે. પશુપાલકોની સાથે ખેડૂતો પણ આ દેખાવોમાં જોડાયા હતા. ત્યારે ડીવાએસપી, ૪ પીઆઈ અને ૮ પીએસઆઈ સહિત કુલ ૮૦ જેટલા પોલીસકર્મીઓનો કાફલો સ્થિતિને સંભાળવા ત્યાં આવી પહોંચ્યો હતો. સાબર ડેરી સામે જ પશુપાલકોએ નારેબાજી શરુ કરી હતી જેના લીધે સ્થિતિ વણસી હતી.

### માયા નગરી પાણી પાણી

# મુંબઈમાં મેઘો ધોધમાર, અંધેરી સબ વે બંધ, ફ્લાઇટ્સ પ્રભાવિત

**અનેક વિસ્તારોમાં ટ્રાફિક જામ અને અવરજવરમાં ભારે મુશ્કેલી પડી રહી છે રોડ રસ્તા પાણી પાણી થયા છે**

મુંબઈ,તા.૧૫

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં મેઘો ધોધમાર વરસી રહ્યો છે. સતત થઈ રહેલા વરસાદને કારણે વેસ્ટર્ન મુંબઈના નીચલા વિસ્તારમાં ભારે પાણી ભરાયા છે. ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં ટ્રાફિક જામ અને અવરજવરમાં ભારે મુશ્કેલી પડી રહી છે. રોડ રસ્તા પાણી પાણી થયા છે.

વેસ્ટર્ન મુંબઈના અંધેરી વેસ્ટર્ન વિસ્તારમાં સ્થિતિ વધારે ખરાબ છે.. અંધેરી સબવે, જે નીચાણવાળા વિસ્તારમાં આવે છે. ત્યાં પાણી પાણી જોવા મળી રહ્યું છે. પ્રશાસન અનુસાર સબવેમાં લગભગ ૪-૫ ફૂટ પાણી ભરાયુ છે પરિણામે વાહનવ્યવહાર સંપૂર્ણ બંધ કરી દેવાયો છે. વાહનચાલકોને વૈકલ્પિર રસ્તેથી અવરજવર કરવી પડેછે. ટ્રાફિકને કંટ્રોલ કરવા માટે ટ્રાફિક પોલીસ પણ તહેનાત કરાયા છે.ભારે વરસાદને કારણે ફ્લાઈટ્સ પણ પ્રભાવિત થઈ છે. ઈન્ડિયોએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને ટ્રાવેલ એડવાઈઝરી બહાર પાડી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે ભારે વરસાદને કારણે ફ્લાઈટ શિડ્યૂલ કરવામાં મુશ્કેલીઓ આવી રહી છે. યાત્રિકોને અપીલ કરી છે કે તેઓ ફ્લાઈટની સ્થિતિ એપ પર ચકાસે પછી જ મુસાફરી કરે.

મુબંઈ પોલીસ વરસાદી માહોલને લઈને ખડપગે જોવા મળી છે. ૧૦૦, ૧૧૨ અથવા ૧૦૩ પર નંબર જાહેર કરાયો છે. મુશ્કેલીના સમયમાં પોલીસને આ નંબર પર ફોન કરીને મદદ મેળવી શકો છો. પોલીસે તેના સત્તાવાર ઠ હેન્ડલ પર પોસ્ટ કરીને લખ્યું છે કે મુંબઈ શહેર અને ઉપનગરોમાં ભારે વરસાદને ધ્યાનમાં રાખીને નાગરિકોને દરિયાકિનારા અને નીચાણવાળા વિસ્તારોમાં જવાનું ટાળવા વિનંતી છે. સાથે જ કહ્યુ કે અમારી ટીમ સતર્ક છે અને કોઈપણ કટોકટીમાં મદદ કરવા માટે તૈયાર છે.

### દેશમાં રેલવેનો નવો નિયમ લાગુ

# આધાર OTP વગર તત્કાલ ટિકિટ બુક નહીં થાય

**ટિકિટ ફક્ત તે વ્યક્તિને જ આપવામાં આવશે જેનો આધાર તેના IRCTC એકાઉન્ટ સાથે લિંક થયેલ છે**

નવીદિલ્હી,તા.૧૫

ભારતીય રેલવેમાં મુસાફરી કરતા લોકો હંમેશા તત્કાલ ટિકિટ બુક કરે છે. તત્કાલ ટિકિટ સાથે જોડાયેલ નિયમમાં એક મોટો ફેરફાર કરવામાં આવ્યો છે. ૧ જુલાઈથી રેલવેએ તત્કાલ ટિકિટ બુકિંગના આધાર કાર્ડ ઓથેંટિકેશનને જરુરી કરવામાં આવ્યું હતુ.હવે આઈઆરસીટીસીની વેબસાઈટ અને એપ દ્વારા ઓનલાઈન તત્કાલ ટિકિટ બુકિંગ માટે આધાર ઓટીપી જરુરી થવા જઈ રહ્યું છે. તો ચાલો જાણીએ કે, કેમ જરુરી છે આ નિયમ, આ નિયમમાં ફેરફાર કરવામાં આવતા શું ફાયદો થશે?

પહેલા એવું જોવા મળ્યું હતુ કે, તત્કાલ ટિકિટ બુક કરવાનો સમય શરૂ થતાં જ બધી ટિકિટો વેચાઈ જતી હતી. આ ઘટના દલાલો અને નકલી એજન્ટો દ્વારા ખોટા માધ્યમથી ટિકિટ બુક કરાવવાને કારણે બની હતી. આ કારણે, સામાન્ય મુસાફરો માટે તત્કાલ ટિકિટ બુક કરાવવી લગભગ અશક્ય બની ગઈ હતી.

આ સમસ્યાના ઉકેલ માટે નવા નિયમો લાવવામાં આવ્યા છે. ટિકિટ બુક કરાવતી વખતે આધારનો ઉપયોગ કરીને, ટિકિટ કોણ બુક કરાવી રહ્યું છે. તે જાણી શકાશે અને ટિકિટ ફક્ત તે વ્યક્તિને જ આપવામાં આવશે જેનો આધાર તેના IRCTC એકાઉન્ટ સાથે લિંક થયેલ છે.

આ સિસ્ટમમાં બીજી ખાસ વાત એ છે કે એજન્ટો પ્રથમ ૩૦ મિનિટ સુધી ટિકિટ બુક કરી શકશે નહીં. આનાથી સામાન્ય લોકોને ટિકિટ મળવાની શક્યતા ઘણી વધી જશે.તમને જણાવી દઈએ કે, આજથી આઈઆરસીટીસી દ્વારા ટિકિટ બુક કરવા માટે આધારને તમારા આઈઆરસીટીસી અકાઉન્ટ સાથે લિંક કરવું જરુરી છે. તમારો આધાર તમારા IRCTC અકાઉન્ટથી જરુર લિંક કરી લેવું જોઈએ. ત્યારબાદ તમે ટિકિટ બુક કરી શકશો.

તમને એક રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર એક ઓટીપી આવશે. આ ઓટીપી નાંખ્યા બાદ તમારું બુકિંગ કન્ફોર્મ થશે. કાઉન્ટર પરથી ટિકિટ બુક કરતી વખતે પણ આ જ પ્રોસેસ રહેશે.

### કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવાની માગ

# ગોલ્ડન ટેમ્પલને ૨૦ કલાકમાં બીજી વખત બોમ્બથી ઉડાવી દેવાની મળી ધમકી

**આ ઈમેઈલમાં કોઈએ સચ્ચખંડ શ્રી હરમંદિર સાહિબમાં RDX રાખવાના ષડયંત્રની જાણકારી આપી છે**

અમૃતસર,તા.૧૫

શિરોમણી ગુરૂદ્વારા મેનેજમેન્ટ કમિટીને ફરી એક વખત 'ગોલ્ડન ટેમ્પલ'ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. ઈમેઈલ કરીને આ ધમકી આપવામાં આવી છે. છેલ્લા ૨૦ કલાકમાં આ ધમકી બીજી વખત મળી છે. ત્યારબાદ ડોગ સ્કવોર્ડ સહિતની ટીમો દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે રાત્રે પણ 'ગોલ્ડન ટેમ્પલ'ને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી.

SGPCએ આ ગંભીર જોખમને જોતા પંજાબના મુખ્યપ્રધાનને પત્ર લખીને તાત્કાલિક તપાસ અને કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. પોતાના પત્રમાં SGPCએ લખ્યું કે શ્રી અમૃતસર સાહિબની ઈમેઈલ આઈડી પર વધુ એક ઈમેઈલ મળ્યો છે.

આ ઈમેઈલમાં કોઈએ સચ્ચખંડ શ્રી હરમંદિર સાહિબમાં RDX રાખવાના ષડયંત્રની જાણકારી આપી છે. SGPCએ પંજાબ સરકાર પાસે આગ્રહ રાખ્યો છે કે તે તાત્કાલિક આ સમગ્ર મામલાની ઉંડાણપૂર્વક તપાસ કરાવે અને ગુરૂદ્વારાની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવે.

તમને જણાવી દઈએ કે આ પહેલા પણ આ પ્રકારની ધમકી SGPCને ઈમેઈલ દ્વારા મળી ચૂકી છે, જેને લઈને સુરક્ષા એજન્સીઓ પણ સર્તક છે.

હાલમાં આ મામલાને લઈ SGPC અને સ્થાનિક તંત્ર બંને ખુબ જ ગંભીર છે અને મંદિરની સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે સોમવારે રાત્રે પણ ગોલ્ડન ટેમ્પલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી, ત્યારબાદ એજન્સીઓ એલર્ટ મોડ પર છે. વારંવાર મળી રહેલી ધમકી બાદ તંત્ર પણ એલર્ટ મોડ પર આવી ગયું છે.

### ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની મુલાકાત મુદ્દે કટાક્ષ

# સર્કસ ચલાવી રાખ્યું છે જયશંકર-જિનપિંગની મુલાકાત મુદ્દે રાહુલ ગાંધીનો કટાક્ષ

**ચીની વિદેશ મંત્રી આવશે અને મોદીને ચીન-ભારત સંબંધો મામલે હાલની સ્થિતિ અંગે અવગત કરશે**

નવીદિલ્હી,તા.૧૫

લોકસભાના વિપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ આજે મંગળવારે (૧૫ જુલાઈ) વિદેશ મંત્રી એસ. જયશંકર અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની મુલાકાત મુદ્દે કટાક્ષ કરી છે. જેમાં રાહુલ ગાંધીએ એસ. જયશંકર પર જિનપિંગને ભારત-ચીન સંબંધો વિશે જાણકારી આપવા મામલે નિશાનો સાધતાં કહ્યું હતું કે, 'તેઓએ દેશની વિદેશ નીતિને નષ્ટ કરવાના ઉદ્દેશ્યથી સંપૂર્ણ રીતે સર્કસ ચલાવી રાખ્યું છે.'

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર લખ્યું હતું કે, 'ચીની વિદેશ મંત્રી આવશે અને મોદીને ચીન-ભારત સંબંધો મામલે હાલની સ્થિતિ અંગે અવગત કરશે. વિદેશ મંત્રી હવે ભારતની વિદેશ નીતિને બરબાદ કરવાના હેતુથી એક સંપૂર્ણ વિકસિત સર્કસ ચલાવી રહ્યા છે. બેઈજિંગમાં શી જિનપિંગ સાથેની મુલાકાત દરમિયાન જયશંકરે ચીનના રાષ્ટ્રપતિને રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મૂ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વતી શુભકામનાઓ પણ પાઠવી હતી.'

તેમણે વધુમાં લખ્યું કે, 'જયશંકરે કહ્યું કે, આજે સવારે બેઈજિંગમાં આપણા સાથી એસસીઓ વિદેશ મંત્રીઓની સાથે રાષ્ટ્રપતિ શી જિનપિંગની મુલાકાત કરી. જિનપિંગ આપણા દ્વિપક્ષીય સંબંધોમાં હાલના વિકાસથી માહિતીગાર કર્યા. આપણા નેતૃત્ત્વના માર્ગદર્શનને મહત્ત્વ આપે છે. જયશંકર શંઘાઈ સહયોગ સંગઠન(SCO)ના વિદેશ મંત્રીની બેઠકમાં ભાગ લેવા માટે ચીનની મુલાકાતે છે. સોમવારે જયશંકરે તેમના ચીની સમકક્ષ વાંગ યી સાથે બેઠક કરી હતી. જેમાં દ્વિપક્ષીય સંબંધો પ્રતિ દૂરદર્શી દ્રષ્ટિકોણ, સ્થિર અને રચનાત્મક સંબંધ બનાવવાની જરૂરિયાત પર ચર્ચા કરી હતી.'

### પાર્ટીના ધારાસભ્ય-મંત્રીઓને શિંદેની ચેતવણી

# મંત્રી શિરસાટ, ધારાસભ્ય ગાયકવાડના કાંડ બાદ શિંદે આક્રમક થયા

**જાહેર જીવનમાં શિસ્તનું પાલન કરો અને અમને કાર્યવાહી કરવા માટે મજબૂર ન કરો**

નવીદિલ્હી,તા.૧૫

શિવસેનાના મંત્રી સંજય શિરસાટ અને ધારાસભ્ય સંજય ગાડકવાડની કરતૂત બાદ મહારાષ્ટ્રના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. બંને નેતાના કાંડ બાદ નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે એ પાર્ટીના ધારાસભ્યો અને મંત્રીઓને કડક શબ્દોમાં કહ્યું છે કે, 'જાહેર જીવનમાં શિસ્તનું પાલન કરો અને અમને કાર્યવાહી કરવા માટે મજબૂર ન કરો.'

એકનાથ શિંદેએ પાર્ટીની બેઠકમાં ધારાસભ્યો અને મંત્રીઓને ચેતવણી આપવાની સાથે કહ્યું કે, 'જાહેર જીવનમાં શિસ્ત ખૂબ જરૂરી છે અને આપણે શિસ્તતા જાળવવાની છે. હું આપ તમામ લોકો પાસે શિસ્ત અને જવાબદારીની અપેક્ષા રાખું છું. તમે બહારના કોઈપણ પ્રભાવ કે પછી શક્તિના દબાણમાં આવીને નિર્ણય ન લો. પ્રજાના વિરોધના કારણે કેટલાક મંત્રીઓએ પદ છોડવું પડ્યું છે. મને મારા જ પરિવારના સભ્યો વિરુદ્ધ કાર્યવાહી કરવી પસંદ નથી, જોકે મને એવું લાગી રહ્યું છે કે, મને કાર્યવાહી કરવા માટે મજબૂર ન કરો. તમે નક્કામા મુદ્દાઓ પર પોતાની ઉર્જા બરબાદ ન કરો. તમે ઓછું બોલો અને વધુ કામ કરો. હંર બોસની જેમ વ્યવહાર કરતો નથી, ગુસ્સે પણ થતો નથી. હું એક કાર્યકર્તા તરીકે કામ કરું છું અને આશા રાખું છું કે, તમે પણ એક કાર્યકર્તાની જેમ વ્યવહાર કરો.'

વાસ્તવમાં આયકર વિભાગે ૨૦૧૯-૨૦૨૪ વચ્ચે વધેલી સંપત્તિ મામલે તાજેતરમાં જ શિવસેનાના મંત્રી સંજય શિરસાટ ને નોટિસ ફટકારી હતી. તેના થોડા દિવસ બાદ અન્ય એક ઘટનામાં શિરસાટનો નોટોથી ભરેલી બેગ અને સિગારેટના કશ સાથેનો વીડિયો વાયરલ થયો છે, જેના કારણે મહારાષ્ટ્રની દેવેન્દ્ર ફડણવીસ સરકાર બેકફૂટ પર ધકેલાઈ ગઈ હતી. આ દરમિયાન વિપક્ષો શિરસાટ પર આક્રમક બની ગયા હતા. વાયરલ થયેલા વીડિયોમાં શિરસાટ શોર્ટ્સ અને ગંજી પહેરેલી સ્થિતિમાં બેડ પર બેઠા જોવા મળી રહ્યા હતા. તેઓ સિગારેટને કશ લેતા અને ફોન પર કોઈની સાથે વાત કરતા નજર આવી રહ્યા હતા. તેમની પાસે કાળા રંગની બે બેગ પડેલી હતી, જેમાં એક ખુલ્લી બેગમાં નોટોના બંડલો અને બીજી બેગ બંધ દેખાઈ રહી છે. વીડિયોમાં તેમનું પાળતું શ્વાન પણ દેખાઈ રહ્યું છે. શિવસેના યુબીટીના નેતા સંજય રાઉતે સંજય શિરસાટનો વીડિયો શેર કર્યો હતો. તેમણે લખ્યું કે, 'મને દેવેન્દ્ર ફડણવીસ પર દયા આવી રહી છે. છેવટે તેમણે કેટલીક જોવું પડશે કે, તેમની ઈજ્જત વારંવાર કલંકિત થઈ રહી છે. મજબૂરીનું બીજુ નામઃ ફડણવીસ...' રાઉતે વીડિયો શેર કર્યા બાદ શિરસાટે કહ્યું કે, 'હું પ્રવાસ કરી પરત આવી રહ્યો હતો અને કપડાં બદલ્યા બાદ મારા બેડરૂમમાં બેઠો હતો. મારો શ્વાસ પણ મારી સાથે હતો. એવું લાગે છે કે, તે સમયે કોઈએ મારો વીડિયો રેકોર્ડ કર્યો છે. શિરસાટે આઈટી નોટિસ અંગે પણ જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે, 'કેટલાક લોકોને મારાથી વાંધો છે, પરંતુ તેમને જવાબ મળી જશે. સિસ્ટમ પોતાનું કામ કરી રહ્યું છે અને મને તેનાથી કોઈ સમસ્યા નથી. હું કોઈપણ દબાણમાં નથી. આવકવેરા વિભાગની તપાસ ચાલુ છે. હું કોઈ પણ તપાસનો સામનો કરવા માટે તૈયાર છું.'

૮ જુલાઈના રોજ મહારાષ્ટ્રમાં શાસક ગઠબંધનના ધારાસભ્ય સંજય ગાયકવાડે વાસી ખોરાક પીરસવા બદલ કૅન્ટીન મેનેજરને ઢોર માર માર્યો હતો. તેઓ દાળની નબળી ગુણવત્તાને લઈને ગુસ્સે ભરાયા અને કૅન્ટીન મેનેજરને માર માર્યો હતો. ધારાસભ્યનો કૅન્ટીન મેનેજરને માર મારવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ઘટના બાદ રાજકારણમાં ખળભળાટ મચ્યો હતો અને ગાયકવાડ પર લોકોએ આક્રોષ ઢાલવ્યો હતો. ત્યારબાદ મુંબઈ ધારાસભ્ય છાત્રાલયની કૅન્ટીનનું લાઈસન્સ હવે રદ કરવામાં આવ્યું હતું. મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને ખોરાકની ગુણવત્તા નબળી હોવાના આરોપસર કૅન્ટીનનું લાઈસન્સ રદ કર્યું હતું.

### સીએમ સિદ્ધારમૈયાએ પીએમ મોદીને પત્ર લખ્યો

# બ્રિજ ઉદ્ઘાટનના આમંત્રણ મામલે નીતિન ગડકરી અને કોંગ્રેસના મુખ્યમંત્રી વચ્ચે ચણભણ

**કેબિનેટ સાથીઓએ આ કાર્યક્રમનો વિરોધ કર્યો હતો અને દાવો કર્યો હતો કે 'નીતિન ગડકરીએ અમને આમંત્રણ આપ્યું નહતું'**

કર્ણાટક,તા.૧૫

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ સોમવારે (૧૪મી જુલાઈ) કર્ણાટકના શિવમોગામાં દેશના બીજા સૌથી લાંબા કેબલ-સ્ટેડ સિગંદૂર બ્રિજનું ઉદ્ઘાટન કર્યું હતું. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા અને તેમના કેબિનેટ સાથીઓએ આ કાર્યક્રમનો વિરોધ કર્યો હતો અને દાવો કર્યો હતો કે 'નીતિન ગડકરીએ અમને આમંત્રણ આપ્યું નહતું.'

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને કેન્દ્ર પર પ્રોટોકોલનું ગંભીર ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે પત્રમાં દાવો કર્યો હતો કે, કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રાલયે રાજ્ય સરકારની સલાહ લીધા વિના શિવમોગાના સાગરા તાલુકામાં કાર્યક્રમનું આયોજન કર્યું હતું અને કોઈપણ પૂર્વ સૂચના વગર આમંત્રણ કાર્ડ પર તેમનું નામ લખાયું હતું.

અગાઉ કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટમાં લખ્યું કે, 'સીએમ સિદ્ધારમૈયાને ૧૧મી જુલાઈના રોજ યોજાનાર કાર્યક્રમની અધ્યક્ષતા માટે સત્તાવાર આમંત્રણ આપવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સંબંધિત કોઈપણ સંભવિત પડકારને ધ્યાનમાં રાખીને, ૧૨મી જુલાઈના રોજ બીજો પત્ર મોકલવામાં આવ્યો હતો, જેમાં ડિજિટલ માધ્યમ દ્વારા તેમની હાજરીની અપીલ કરવામાં આવી હતી.'

મીડિયા સાથેની વાતચીતમાં સીએમ સિદ્ધારમૈયાએ જણાવ્યું હતું કે, 'અમે આ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા નથી, કારણ કે મને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. મેં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સાથે ફોન પર વાત કરી અને તેમને આ વિશે જાણ કરી. તેમણે કહ્યું કે આ કાર્યક્રમ મુલતવી રાખશે. પછી મેં તેમને પત્ર લખ્યો. કદાચ ભાજપના નેતાઓના દબાણને કારણે તેમણે મને કંઈપણ કહ્યા વિના આ કાર્યક્રમનું આયોજન કર્યું છે. હું નથી જઈ રહ્યો. મારો એક પૂર્વનિર્ધારિત કાર્યક્રમ છે. જે કાર્યક્રમ એક મહિના પહેલા નક્કી કરવામાં આવ્યો હતો, હું ત્યાં જઈ રહ્યો છું.

### ભારે વાહનોની અવર-જવર પર ૧૫ દિવસ સુધી પ્રતિબંધ

# અમરેલીના કેરિયાચાડ મેજર બ્રિજના સમારકામની કામગીરી આગામી ૧૦ દિવસમાં પૂર્ણ કરવાની નેમ

**બ્રિજના સળિયા પર વાતાવરણની અસર ન થાય તે માટે ખાસ કાર્બોનિસિસ પેઈન્ટ કરવામાં આવશે**



અમરેલી, તા.૧૫

અમરેલી કેરિયાચાડ રોડ પરના વિઠ્ઠલપુર ખંભાળિયા ગામ પાસે શેત્રુંજી નદી પરના ૧૪૦ મીટર લાંબા અને ૮ મીટર પહોળા કેરિયાચાડ મેજર બ્રિજનું નિરિક્ષણ અમરેલી જિલ્લા માર્ગ અને મકાન પંચાયતના કાર્યપાલક ઈજનેર સ્મિત ચૌધરીએ કર્યું હતુ.

આશરે ૩૩ વર્ષ જૂના અને ૧૪ પિઅર તથા ૧૩ સ્પાન ધરાવતા આ કેરિયાચાડ મેજર બ્રિજનો પાયો મજબૂત કરવા માટે પિઅરનું રક્ષણ થઈ શકે તે રીતે પાયાના મૂળમાં મોટા પથ્થર મૂકીને પિઅરનું રક્ષણ થાય અને તેનું થતું ખવાણ અટકાવવામાં આવે તે રીતે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ સાથે બ્રિજની મજબૂતીકરણ માટે જરૂરી હોય તેવી અન્ય જરૂરિયાત મુજબનું સમારકામ પણ થશે. વધુમાં બ્રિજના ઉપરના ભાગે ક્રેશ બેરિઅર પણ કરવામાં આવશે.

અમરેલી જિલ્લા માર્ગ અને મકાન પંચાયત કાર્યપાલક ઈજનેર સ્મિત ચૌધરી તેમની ટીમ સાથે આ બ્રિજનું નિરીક્ષણ કરવા માટે પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યુ કે, કેરિયાચાડ મેજર બ્રિજમાં ૭ જેટલા પિઅરમાં અંદાજે ૧૦ ટકા જેટલું કોન્ક્રિટનું ખવાણ થયું હોવાનું માલૂમ થાય છે, જેથી તેની મરામત કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવી રહી છે, જે આજથી ૧૦ દિવસ સુધીમાં આ સમારકામ પૂર્ણ કરી દેવાની તૈયારી છે. વધુમાં બ્રીજના સળિયા પર વાતાવરણની અસર ન થાય તે માટે ખાસ કાર્બોનિસિસ પેઈન્ટ કરવામાં આવશે. જે કામ પણ તા.૩૦ જુલાઈ સુધીમાં પૂર્ણ થશે.

આ બ્રિજના સમારકામ દરમિયાન વાહન વ્યવહારને અસર ન પહોંચે અને વાહન વ્યવહાર જળવાઈ રહે તેની પણ તકેદારી રાખવામાં આવી છે. આ બ્રિજ પરથી ટુ અને નાના હોય તેવા ફોર વ્હીલર વાહનો પસાર થઈ શકશે. આગામી ૧૫ દિવસ પૂરતો ભારે વાહનોની અવર–જવર પ્રતિબંધિત રહેશે.

વધુમાં તેમણે જણાવ્યુ કે, અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન પંચાયત વિભાગ હેઠળ ૮ મેજર અને ૧૪૦ માઈનોર બ્રિજ છે, તેનું નિરિક્ષણ કાર્ય પણ પૂર્ણ કરવામાં આવ્યું છે. સુરક્ષાના ભાગરૂપે આ પૈકી ૨ મેજર અને ૧ માઈનોર બ્રિજ સંપૂર્ણ બંધ કરવામાં આવ્યા છે. જયારે અન્ય અસરગ્રસ્ત બ્રિજ પર માત્ર ભારે વાહનોની અવર જવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ૧૧ માઈનોર બ્રિજનું મરામત કાર્ય વહેલી તકે પૂર્ણ થઈ શકે તે માટે અમરેલી જિલ્લા માર્ગ અને મકાન પંચાયત કચેરી પ્રયત્નશીલ અને કાર્યરત છે.

### માર્ગ અને મકાન પંચાયતની ૧૧ ટીમ સતત કાર્યરત

# અમરેલી જિલ્લાના ૦૮ મેજર અને ૧૪૦ માઈનોર બ્રિજનું ઈન્સ્પેકશન કરવામાં આવ્યું

**વાહન વ્યવહાર માટે બે મેજર બ્રિજને બંધ કરવામાં આવ્યા**



અમરેલી, તા.૧૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચનાને પગલે રાજયના વિવિધ માર્ગોની મરામત કામગીરી માટે માર્ગ અને મકાન તંત્ર વધુ સક્રિય છે. જિલ્લાના વિવિધ માર્ગ અને બ્રિજને લગતી ચકાસણી માટે માર્ગ અને મકાન પંચાયત તંત્ર પ્રયત્નશીલ છે.

છેલ્લા થોડા દિવસ અગાઉ થયેલા ભારે વરસાદને લીધે માર્ગની સ્થિતિને ધ્યાને લઈ અમરેલી જિલ્લા માર્ગ અને મકાન (પંચાયત) વિભાગ દ્વારા વિવિધ ટીમ દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં મરામત કામગીરી હાથ ધરવા આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી જિલ્લામાં અમરેલી જિલ્લા માર્ગ અને મકાન (પંચાયત) દ્વારા કુલ ૧૧ ટીમ બનાવવામાં આવી છે. જે જિલ્લાના વિવિધ વિસ્તારોના માર્ગ મરામત અને જરૂરી અન્ય બાબતોની ચકાસણી કરી રહી છે.

અમરેલી જિલ્લાના કુલ–૮ મેજર બ્રિજ અને ૧૪૦ માઈનર બ્રિજનું ઈન્સ્પેકશન કરવામાં આવ્યું છે. આ પૈકી કુલ ૨ (બે) મેજર બ્રિજને વાહન વ્યવહાર માટે બંધ કરવામાં આવ્યા છે. આ માટેના કામને મંજૂરી મળી છે અને તે કામ માટેની ટેન્ડર પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે.

માર્ગ અને મકાન વિભાગના સચિવની સૂચના અન્વયે હાથ ધરવામાં આવેલા. આ સર્વે પૈકી ક્રિટીકલ જણાતા કુલ–૧૧ બ્રિજના ઈન્સપેકશનની કામગીરી માટે ડિઝાઈનની ઈજનેર ટીમ કાર્યરત છે.

આ કામગીરી પ્રગતિ તળે છે. જે આવતીકાલ સુધીમાં પૂર્ણ કરવાની માર્ગ અને મકાન પંચાયતની નેમ છે. તેમ અમરેલી જિલ્લા માર્ગ અને મકાન પંચાયતના કાર્યપાલક ઈજનેર ચૌધરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### લેઉવા પટેલા વાડી જેશીંગપરા ખાતે

# લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈનનો શપથગ્રહણ સમારંભ યોજાયો

**લા. પ્રમુખ તરીકે બકુલ ભટ્ટ તથા સેક્રેટરી તરીકે રજનીકાંત ધોરાજીયા**



અમરેલી, તા. ૧૫

લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈનનો તા. ૧૨/૭/૨૫ના રોજ લેઉવા પટેલ વાડી ગજેરાપરા વાડી ખાતે અધ્યક્ષ અને ઉદ્‌ઘાટક લાયન એમ.એસ.એફ. પૂર્વ ગવર્નર વસંતભાઈ મોવલીયા સ્થને તેમજ ઈન્ટોલીંગ ઓફિસર તરીકે લાયન ડો. હાર્દિક મહેતા ફસ્ટે વાઈસ ડીસ્ટીકટ ગવર્નર હતા. શરૂઆતમાં સ્વાગત સંસ્થાનું થયેલ ત્યારબાદ દીપ પ્રાગટય મંચસ્થ મહાનુભાવો દ્વારા થયેલ. સર્વ મહેમાનોનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી સન્માન થયેલ આ તકે પૂર્વ વિરોધપક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, અમરડેરીના ચેરમેન અશ્વીનભાઈ સાવલિયા, કાંતીભાઈ વઘાસીયા, પૂર્વ પ્રમુખ રાજેશ વિઠલાણી, રીજીયોન ચેરમેન જયેશભાઈ પંડયા, કાળુભાઈ સંઘાણી, ઝોન ચેરમેન કૌશિક હપાણી, જયંતીભાઈ પાનસુરીયા, સંઘ ચેરમેન રાજુભાઈ માંગરોળીયા, બ્રહ્મ સમાજના મુકુંદભાઈ મહેતા ઉપસ્થિત રહેલ. પરેશભાઈ ધાનાણી તેમના પ્રવચનમાં લાયન્સ કલબની સેવાઓને બિરદાવેલ તથા અશ્વીનભાઈ સાવલિયા, મુકુંદભાઈ મહેતા પ્રાસંગિક પ્રવચનોમાં પણ સંસ્થાની સેવાઓને બિરદાવેલ રામજાગ્રહણ સમારંભનાં ઈન્સ્ટોલીંગ ઓફિસર ફર્સ્ટ વાઈસ ગર્વનર લા. હાર્દિકભાઈ મહેતા, લા. બકુલભાઈ ભટ્ટ, સેકેટરી તરીકે લા. રજનીભાઈ ધોરાજીયા તથા ખજાનચી તરીકે લા. નંદલાલ તળાવીયા (નનુકાકા) અને તેની સમગ્ર ટીમનો નવા લાયન વર્ષ ૨૦૨૫–૨૬ શપથ લેવડાવ્યા હતા. કાર્યપધ્ધતિનું માર્ગદર્શન આપેલ. તેમજ લા. પ્રમુખ બકુલ ભટ્ટ દ્વારા તેનામાં મુકેલ વિશ્વાસ તેઓ નિષ્ઠાપૂર્વક નિભાવશે. તેમ તેમણે તેમના પ્રવચનમાં જણાવેલ. શહેરની અનેક સંસ્થાઓ તથા લાયન પરિવાર દ્વારા તેમને શુભેચ્છા અને સન્માન આપેલ. આ તકે સીનીયર લા. દિનેશભાઈ ભુવા, રાજુભાઈ પરિખ, જયસુખભાઈ ઢોલરીયા, ગોરધન માદલીયા તેમજ જતીનભાઈ સુખડીયા, નિલેશકુમાર, ભીખુભાઈ કાબરીયા તથા સર્વલાયન સંસ્થાઓ તેમજ મહેમાન તરીકે લાયન્સ કલબ સીટીના પ્રમુખ રૂજુલભાઈ ગોંડલિયા, લાયન રોયલ કલબના પ્રમુખ રીતેશ નાકરાણી ઉપસ્થિત રહેલ. લાયન્સ પરિવાર સાથે મળી ભોજન લીધેલ તેમ સંસ્થાની યાદીમાં જણાવાયુ છે.

# સાવર સ્મશાનનું પુન : નિર્માણ કાર્ય પ્રગતિમાં



સાવરકુંડલા, તા.૧૫

સાવરકુંડલા શહેર વોર્ડ નં.૩ માં આવેલ મોક્ષધામ કે જે સાવર વિસ્તારમાં આવેલ સ્મશાન આવેલ છે જેનું પુન : નિર્માણ કાર્ય પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે જેનું નગરપાલિકા સદસ્ય પિયુષભાઈ મશરૂ, કમલેશભાઈ રાનેરા, શહેર ભાજપ મંત્રી મેહુલભાઈ કળથીયા, મંત્રી હિરેનભાઈ પરમાર તેમજ શકિત કેન્દ્ર પ્રમુખ કેતનભાઈ પરમાર સક્રિય સભ્ય ભારતીય જનતા પાર્ટીના રાજુભાઈ પરમાર વગેરે દ્વારા સ્ટ્રીટ લાઈટ થાંભલા તેમજ બાથરૂમ આરસીસી ઈટુનું બાંધકામનું પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે.

# સાવરકુંડલાના પ્રતીક નાકરાણીને લાયન્સ કલબમાં મહત્વની જવાબદારી



સાવરકુંડલા, તા. ૧૫

સાવરકુંડલાના ગૌરવ અને ભાજપ પરિવારના અગ્રણી સભ્ય, નગરપાલિકાના ઉપપ્રમુખ તેમજ લાયન્સ કલબના વર્તમાન પ્રેસિડન્ટ, લાયન પ્રતીક નાકરાણીની લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિકટ ૩૨૩૨જેમાં વર્ષ ૨૦૨૫–૨૬ માટે ડિસ્ટ્રિક્ટ મેમ્બર તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ તેમને લાખ લાખ અભિનંદન લાયન પ્રતીક નાકરાણી તેમની સામાજિક પ્રતિબદ્ધતા, કાર્યદક્ષતા અને નેતૃત્વ ક્ષમતા માટે જાણીતા છે. નગરપાલિકાના ઉપપ્રમુખ તરીકે તેમણે શહેરના વિકાસમાં અનેક યોગદાન આપ્યા છે, જયારે લાયન્સ કલબના પ્રેસિડન્ટ તરીકે તેમણે સમાજ સેવાના અનેક કાર્યોને સફળતાપૂર્વક પાર પાડ્યા છે. તેમની આંતરરાષ્ટ્રીય ડિસ્ટ્રિકટમાં ડિસ્ટ્રિકટ મેમ્બર તરીકેની પસંદગી તેમના સમર્પણ અને સખત મહેનતનું જ પરિણામ છે. આ વરણીથી સાવરકુંડલાનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે રોશન થયું છે. લાયન પ્રતીક નાકરાણીની આ નવી ભૂમિકા તેમને સમાજ સેવાના કાર્યોને વધુ વિસ્તૃત પાયે લઈ જવાની તક પૂરી પાડશે. લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિકટ ૩૨૩૨જેમાં તેમની સક્રિય ભૂમિકાથી ડિસ્ટ્રિક્ટના વિકાસમાં અનેક નવા આયામો ઉમેરાશે તેવી અપેક્ષા છે.

સમગ્ર સાવરકુંડલા શહેર, ભાજપ પરિવાર અને લાયન્સ ક્લબના સભ્યો દ્વારા લાયન પ્રતીક નાકરાણીને આ ભવ્ય સિદ્ધિ બદલ હૃદયપૂર્વકના અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે. તેમના ભવિષ્યના કાર્યો માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પણ પાઠવવામાં આવી રહી છે.


# જિલ્લાની ચાઈલ્ડ વેલ્ફેર કમિટીમાં એડવોકેટ પિન્ટુ ગોરખીયાની વરણી



અમરેલી, તા. ૧૫

ગુજરાત સરકારના સભાસદ ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તાજેતરમાં અમરેલી જિલ્લાની ચાઈલ્ડ વેલ્ફેર કમિટીમાં નવી નિમણુંકો કરવામાં આવી છે. જે અંતર્ગત આ કમિટીનાં સભ્ય તરીકે અમરેલીનાં ઉત્સાહી, મહેનતુ અને પ્રતિભાવાન એડવોકેટ પિન્ટુ ગોરખીયા પ્રશાંત કંસારાની પણ વરણી કરવામાં આવી છે.

# અમરેલીમાં ક્રિએટિવ યોગા ગૃપ દ્વારા ગુરુપૂર્ણિમાંની ઉજવણી



અમરેલી, તા. ૧૫

ગુરૂપૂર્ણિમા નિમિતે સમર્થ વ્યાયામ મંદિરમાં ક્રિએટિવ યોગા ગ્રુપના બહેનો દ્વારા વિશિષ્ઠ ઉજવણી કરાઈ. વર્ષોથી સમર્થ વ્યાયામ મંદિર (અખાડા)માં બહેનોના યોગા વર્ગ ચાલી રહ્યા છે, જેમાં દર વર્ષની પરંપરા અનુસાર આ વર્ષે પણ બહેનો દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. જે અન્વયે વિવિધ યોગા આસનો તથા તેના લાભની પ્રાયોગિક રીતે સમજણ આપવામાં આવી તથા યોગ અને પ્રાણાયામને લગતી પ્રવૃત્તિ કરવામાં આવી, તથા ગુરૂપૂર્ણિમા અનુરૂપ સાંસ્કૃતિક નૃત્ય રજુ કરવામાં આવ્યા. જેમાં બહોળી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. આ યોગા વર્ગ સેવા આપતા પારૂલબેન ગાંધી, મમતાબેન મહેતા, સંગીતાબેન જીવાણી તથા માધવીબેન ભટ્ટનું બહેનો દ્વારા સન્માન કરવામાં આવ્યું. ક્રિએટિવ યોગા ગ્રુપને સંસ્થાના ટ્રસ્ટીઓ અને સંચાલકનો સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

### જનતાની સુખાકારી અને વરસાદ માટે

# રાજુલાનાં સુપ્રસિધ્ધ કુંભનાથ મહાદેવ મંદિરે હવન યોજાયો

**સમસ્ત મહાજન સમિતિનું સુંદર આયોજન**



રાજુલા, તા. ૧૫

રાજુલા શહેરમાં આવેલ કુંભનાથ મંદિર ખાતે સમસ્ત મહાજન કમિટી દ્વારા ચોમાસામાં સારો વરસાદ અને લોકોની સુખાકારી માટે હવન યજ્ઞ કરવામાં આવે છે સાથે સ્વૈચ્છિક રીતે રાજુલા શહેરના વેપારીઓ દ્વારા બપોરે ૨ વાગ્યા બાદ તમામ વેપારીઓ પોતાના ધંધા રોજગાર બંધ રાખી તમામ લોકો કુંભનાથ મંદિર આ હવનના દર્શનનો લીધો અને આ વર્ષોથી ચાલતી આવતી પરંપરા છે હવન યજ્ઞ લોકોની સુખાકારી માટે યોજવામાં આવે છે અને સર્વ સમાજના લોકો આ યજ્ઞ માટે પોતાની યથાશક્તિ મુજબ યોગદાન આપે છે અને તમામ સમાજના લોકો આ દર્શનનો લાભ લે છે. ત્યારે આ હવનથી શહેરમાં એક ભાઈચારો તેમજ એકતાના દર્શન જોવા મળે છે અને સાંજે હવનમાં બીડું હોમવવાના સમયે માનવ મહેરામણ ઉમટી પડે છે અને આ કુંભનાથ દાદાના મંદિરે એક મેળા જેવો માહોલ જોવા મળે છે.

આ હવન હજારોની સંખ્યામાં લોકો દર્શનનો લાભ લીધો આજના દિવસે હવન કમિટી દ્વારા શહેરમાં ગાયોને ઘાસ ખવડાવવામાં આવે છે તેમજ કૂતરાઓને રોટલા ખવડાવવામાં આવે છે તેમજ રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને તેમની ટીમ દ્વારા શરબતનો સ્ટોલ ઊભો કરવામાં આવેલો. તમામ દર્શનાર્થીઓને શરબત વિતરણ કરવામાં આવ્યું તેમજ સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા નમાજમાં બંદગી કરવામાં આવે છે અને શહેરમાં ભાઈચારો એકતા તેમજ શહેરમાં સહુના ધંધા રોજગાર તેમજ સુખાકારી માટે બંધ કેવો રાખવામાં આવે છે.

# જાફરાબાદ : મરિન પોલીસ સ્ટેશનનાં હેડ કોન્સ્ટેબલ ASI તરીકે બઢતી મળી



જાફરાબાદ, તા. ૧૫

જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા જીગ્નેશભાઈ સરવૈયા કે જેઓ કાયદો અને વ્યવસ્થા સજ્જ અને ફરજ પ્રત્યેની સંપૂર્ણ જવાબદારી નિભાવતા સાધારણ વ્યકિતત્વ ધરાવતા અને સામાન્ય નાગરિકને પણ સહજ સ્વભાવે જવાબ આપતા સેવા અને સુરક્ષાના સુત્રને સાર્થક કરી બતાવતા નિખાલસ વ્યકિત એવા જીગ્નેશભાઈ સરવૈયાને જનતામાં સારી કામગીરી બદલ હેડકોન્સ્ટેબલમાંથી ASI તરીકે પ્રમોશન અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતના આદેશથી જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર ડી.એસ. ઈશરાણીના વરદહસ્તે જીગ્નેશભાઈ સરવૈયાને એક સ્ટાર પહેરાવવામાં આવ્યો અને સરકારના નીતિ નિયમ મુજબ તેમને પ્રમોશન આપવામાં આવ્યું ત્યારે આ પ્રસંગે જાફરાબાદમાં તેઓના મિત્રો વર્ગમાં ખુશીનો ઉત્સાહ છવાયો હતો તેઓએ તેમની ફરજ દરમિયાન જાંબાઝ ભરી કામગીરી કરવામાં આવી હોય જીગ્નેશભાઈ સરવૈયા હંમેશા ફરજને પ્રાથમિકતા તથા પ્રજા અને પોલીસ વચ્ચે મૈત્રીપૂર્ણ માહોલ બનાવી શાંતિ અને સલામતી સ્થાપતા નિષ્ઠાપૂર્વક કામગીરી ચોમેર પ્રશંસાને પાત્ર બની છે. પ્રજા અને પોલીસ એક સૂત્રતા હેઠળ બાંધીને પોતાની ફરજ બજાવી ચૂકેલા જીગ્નેશભાઈ સરવૈયાને મરીન પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર દ્વારા એક સ્ટાર પહેરાવવામાં આવ્યો ત્યારે આ પ્રસંગે સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા તેમના સમાજમાં પણ ખુશી છવાઈ ગઈ હતી તેઓને સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટસ તથા સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી જીગ્નેશભાઈ સરવૈયાને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# દામનગરનાં ૧૫૦ જેટલા પરિવારોનાં સરનામામાં ફેરફાર કરી આપવા માંગ




દામનગર, તા. ૧૫

અહીંના ઠાસા રોડ પર ચામઠીના ઢોરા તરીકે ઓળખાતી જગ્યામાં ઓછી આવક ધરાવતા પરિવારોને સરકારની યોજના મુજબ એક સો વારના પ્લોટ મફત આપીને ઘર બનાવવા માટે મળેલ સહાયથી દોઢસોથી વધુ પરિવારોનો હાલ વસવાટ છે. આ પરિવારોના આધાર કાર્ડ, રેશનીંગ કાર્ડ, લાઈટ બિલ, નગરપાલિકાના વેરાની વસુલાત માટે આપવામાં આવતા માંગણા બીલ, ચૂંટણી કાર્ડ, પાન કાર્ડ અને અન્ય દસ્તાવેજોમાં આ પરિવારો અગાઉ જે–તે વિસ્તારોમાં રહેતાં હતાં ત્યાંના સરનામાં હોય, સરકારી નિયમ મુજબ આજે આ તમામ કાર્ડમાં હાલનાં સરનામાં મુજબ ફેરફાર કરવા આ તમામ પરિવારોએ માંગ કરી તાકીદે આ પ્રક્રિયા કરવા માટે અધિકારીઓએ યોગ્ય કાર્યવાહી કરવા લાગણી વ્યમત કરી છે. સ્થાનિક તંત્રના સંકલનથી આ કામગીરી જડપી થશે એવી આ પરિવારોએ આશા રાખી છે.

# સાવરકુંડલાની દોશી હાઈસ્કુલનાં શિક્ષિકા તૃપ્તિબેન ભરાડ વય મર્યાદાથી નિવૃત




સાવરકુંડલા, તા. ૧૫

એસ.વી.દોશી ગર્લ્સ હાઈસ્કૂલ સાવરકુંડલામાં શાળાના વિદ્યાર્થીઓના પ્રિય શિક્ષિકા તૃપ્તિબેન ભરાડના વિદાય સન્માન સમારોહનું ભાવપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. તૃપ્તિબેન, જેમણે શાળામાં વર્ષો સુધી પોતાની અમૂલ્ય સેવાઓ આપી હતી, તેમને વિદાય આપવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાગાનથી કરવામાં આવી હતી. આચાર્યાએ પોતાના પ્રવચનમાં તૃપ્તિબેનના શાળા પ્રત્યેના સમર્પણ અને તેમની શૈક્ષણિક સેવાઓને બિરદાવી હતી. તેમણે જણાવ્યું કે તૃપ્તિબેને અસંખ્ય વિદ્યાર્થીનીઓના જીવન ઘડતરમાં મહત્વનો ફાળો આપ્યો છે. અને જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વિદ્યાર્થીનીઓને રેન્ક સાથે મેડલ પણ અપાવેલ છે. તેમની વિદાય શાળા માટે એક મોટી ખોટ છે. અન્ય શિક્ષક મિત્રોએ પણ તૃપ્તિબેન સાથેના તેમના સંસ્મરણો વાગોળ્યા હતા. અને તેમના યોગદાનને યાદ કર્યુ હતું. શાળા દ્વારા શાલ, સાકરપડો અને સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીનીઓએ પણ તૃપ્તિબેન પ્રત્યેનો પોતાનો પ્રેમ અને આદર વ્યક્ત કરતા વિદાય ગીતો ગાયા હતા. અને તેમના માટે કૃતજ્ઞતા વ્યક્ત કરતા નાના વક્તવ્યો રજૂ કર્યા હતા. કેટલીક વિદ્યાર્થીનીઓએ તૃપ્તિબેન પાસેથી મળેલા જ્ઞાન અને પ્રેરણાને યાદ કરીને પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. આ પ્રસંગે તૃપ્તિબેનને શાળા પરિવાર દ્વારા સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી. તૃપ્તિબેને પોતાના વિદાય પ્રવચનમાં શાળા પરિવાર, શિક્ષક મિત્રો અને વિદ્યાર્થીનીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે એસ.વી.દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં વિતાવેલો સમય તેમના જીવનનો સુવર્ણકાળ હતો અને તેમને હંમેશા યાદ રહેશે. તેમણે વિદ્યાર્થીનીઓને ભવિષ્યમાં ખૂબ પ્રગતિ કરવા અને સારા નાગરિક બનવા માટે પ્રેરણા આપી હતી. કાર્યક્રમના અંતે, સૌએ તૃપ્તિબેનને સુખી જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યા ઉષાબેન બી. તેરૈયા, સુપરવાઈઝર નીતાબેન ત્રિવેદી તેમજ શિક્ષકગણ સાથે નૂતન કેળવણી મંડળના ઉપપ્રમુખ કનુભાઈ ગેડીયાની ઉપસ્થિતિમાં વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.

અંતમાં આભારવિધિ શાળાના શિક્ષક હિતેશભાઈ ઢાપાએ કરી હતી. આ કાર્યક્રમનું સંચાલન અશ્વિનભાઈ બાલધિયા તેમજ મેહુલભાઈ મહેતાએ કર્યુ હતું. આ પ્રસંગને સફળ બનાવવા શાળાના તમામ શિક્ષકગણે ભારે જહેમત ઉઠાવી હતી એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

# ચલાલા ખાતે સંસ્કૃત શકિત ગુરૂકુળની વાલી બેઠક યોજાઈ





શિક્ષણ અને સંસ્કારના સુત્રને સાર્થક કરતી તેમજ બાળકોનું જીવન ઘડતર જ જેમનો મુખ્ય ઉદ્દેશ્ય છે. તેવી સંસ્થા ધ્વારા સંચાલિત ગાયત્રી સંસ્કૃત શકિત ગુરૂકુળની વાલી મીટીંગ યોજાઈ હતી. જેમાં બધા વાલીઓ ખુબ જ હર્ષોલ્લાસ સાથે પોતાના લાડકવાયા દિકરા/દિકરીઓને મળવા આવ્યા હતા. મળવાની સાથે બાળકો માટે પોતાના ઘરેથી તેમની મન પસંદ વસ્તુઓ લાવ્યા હતા. બાળકો સાથે વાતચીત કરી હતી. બાળકોએ પણ પ્રોજેકટર ધ્વારા ખુબ સુંદર શૈક્ષણિક કાર્ય ચાલે છે. દર અઠવાડિયે ટ્રેસ્ટ લેવાય છે. નબળા વિષયો પર પુરતું ધ્યાન આપવામાં આવે છે. તમે ચિંતાના કરશો એવું આશ્વાસન આપી વાલીને સંતોષકારક જવાબ બાળકોએ આપ્યો હતો. પુ. સંત ડો. રતિદાદાએ આશીર્વાદ પાઠવ્યા હતા. શાળામાં અભ્યાસ સાથે ચાલતી સહ અભ્યાસીક પ્રવૃતિમાં કરાટે, ધનુવિદ્યા, સ્કેટિંગ, ઘોડેસવારી, રાઈફલ શુર્ટિંગ જેવી અનેક પ્રવૃતિ ઓ પણ બાળકોને કરાવવામાં આવે છે. બધા વાલીઓ પણ શિક્ષણ સાથે સંસ્કારના સમન્વયને નિહાળી ખુબ રાજી થયા હતા. બધાએ સાથે ભોજન લઈ વિદાય લીધી હતી. ભારત ભુષણ મહેશભાઈ મહેતા તથા ડાયરેકટર શીતલબેન મહેતા, સંસ્કૃત શકિત ગુરૂકુળના સ્ટાફગણે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### દેશનાં પાટનગર નવી દિલ્હી ખાતે

## કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી વચ્ચે બેઠક યોજાઈ

### કૃષિ ક્ષેત્રનાં વિકાસ માટે ચર્ચાઓ કરાઈ



અમરેલી, તા. ૧૫

ભારતનું કૃષિ ક્ષેત્ર રોજગારીની તકોના સર્જન સાથે વિકાસમા પણ એટલુ જ પાવરધુ પુરવાર થયેલ અને તેથી આ ક્ષેત્રનું મુળ એવા ગુજરાતના વિકાસથી સૌ કોઈ પ્રભાવિત છે. તેમ આજરોજ નવિ દિલ્હી ખાતે કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણની શુભેચ્છા મુલાકાત પહોચેલા એનસીયુઆઈ ઈફકો અને ગુજકોમાલના ચેરમેન દિલીપ સંઘાણી સાથેની મુલાકાતમાં ચૌહાણ જણાવેલ હતું.

મુલાકાત દરમિયાન સંઘાણીએ ગુજરાતમાં કૃષિ સાથે સંકળાયેલી વિવિધ પ્રવૃતિઓ અને કો–ઓપરેટિવ સંસ્થાઓ ધ્વારા કરવામાં આવતા કાર્યો વિશે વિગતો આપી હતી. તેમણે કૃષિ ઉત્પાદકોના હિતમાં પગલા, ખાતર–બિજના વિતરણ તેમજ ટેકનોલોજીના ઉપયોગ થકી ખેડુત લાભ કેવી રીતે વધારવો તે અંગે ચર્ચા કરી હતી.

શિવરાજસિંહ ચૌહાણ, સંઘાણીને ભારતના કૃષિક્ષેત્રના વિકાસ માટે તેમજ સહકારી ચળવળના મજબુતીકરણ માટે આપતા યોગદાન બદલ અભિનંદન પાઠવ્યા અને ભાવિ યોજનાઓ માટે સહયોગ આપવાની ખાતરી આપી હતી. તેમ અખબારી યાદીના અંતમાં જણાવાએલ છે.

### ભાજપના ધારાસભ્યના મોટી સંખ્યામાં ગાડીઓ સાથેની નૌટંકી સામે તંત્ર નતમસ્તકે

## ટેટ–ટાટ પાસ, એલ.આર.ડી., જીપીએસસી સહિતના યુવાન–યુવતીઓ હકક અધિકાર, ન્યાય માંગવા જાય તો સચિવાલયનાં દરવાજા બંધ, પોલીસ કરે છે અમાનવીય વ્યવહાર

### ગુજરાતમાં બે કાયદાનું પાલન : એક સામાન્ય જનતા માટે અને બીજો કાયદો જેમાં ભાજપાના ખેસ પહેરો અને નિયમો નેવે મુકો

અમદાવાદ, તા. ૧૫

ગુજરાતના ખેડૂતો, બેરોજગાર યુવાનો કે જેઓ પોતાના ન્યાય અધિકાર માટે ગુજરાતમાં સચિવાલયમાં પ્રવેશ માટે નીતિ નિયમો, જાહેરનામાં, પોલીસના દંડ–દંડા બીજીબાજુ ભાજપના ધારાસભ્યના ગાડીઓ સાથેના કાફલા માટે રેડકાર્પેટ એ વધુ એકવાર ગુજરાતમાં બે કાયદાનું શાસન હોવાનું ફલીત કરે છે જે અંગે મુખ્યમંત્રીનો જવાબ માંગતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ભાજપના ધારાસભ્ય દ્વારા નૌટંકી માટે ગાડીઓના કાફલા સાથે જે રીતે સચિવાલયમાં રેડ કાર્પેટ પ્રવેશ મળે અને તંત્ર કુર્નિશ બજાવી આ છે ગુજરાતમાં કાયદાનું વિશેષ શાસન જેમા ભાજપના નેતાઓ માટે ખુલ્લા દરવાજા. બીજી બાજુ, ગુજરાતના હજારો યુવાનો ખાસ કરીને ટેટ–ટાટ પાસ, એલ.આર.ડી., જીપીએસસી, વિદ્યા સહાયક ભરતી માટે ચિત્ર, સંગીત, શારીરિક શિક્ષણના શિક્ષકોની ભરતી સહિતના યુવાન–યુવતીઓ હક્ક અધિકાર, ન્યાય માંગવા જાય તો સચિવાલયના દરવાજા બંધ, પોલીસ કરે છે અમાનવીય વ્યવહાર. ગાંધીનગર સચિવાલય તરફ ફરવાની પણ મંજૂરી નહીં પણ ગાંધીનગર પ્રદર્શન કરે તો પણ દંડા સાથે તૂટી પડે આ છે ભાજપની સરકારમાં જનતા માટે કાયદાની પરિભાષા.

ગાંધીનગર મોટી સંખ્યામાં ગાડીના કાફલા સાથે મોરબીના ભાજપના ધારાસભ્ય ૨૦૦ કિલોમીટર અંતર કાપીને વટ–અહંકાર માટે જઈ શકે પણ મોરબીની જનતાને પડી રહેલ પારાવાર મુશ્કેલી અંગે કલેકટર કચેરી અને નગરપાલિકા કચેરી જઈને સૂચના આપી શકતા નથી. ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા આજરોજ મોરબીની જનતાની પારાવાર મુશ્કેલીઓને ધ્યાનમાં લઈ ધરણા પ્રદર્શન યોજાયા હતા અને આક્રમતાથી જનતાના ન્યાય માટે લડાઈ ચલાવવામાં આવી રહી છે. સુરેન્દ્રનગરમાં પણ ખેડૂતોને નુકસાનીના વળતરમાં થયેલ અન્યાય બાબતે તાકીદે ન્યાય માટે મોટી સંખ્યામાં ખેડૂતોને સાથે રાખી ધરણા–પ્રદર્શન યોજાયા હતો.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીમાં એક ઝુંપડપટ્ટી વિસ્તારમાં**

ચોથા એડી. સેશન્સ જજ અને સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ મમતાબેન ત્રિવેદીની દલીલ તથા આ બનાવના તપાસ કરનાર પોલીસ અધિકારી સીટી પી.આઈ. ડી.કે. વાઘેલાએ રજુ કરેલા આધાર પુરાવાના આધારે સ્પે. જજ ડી.એસ. શ્રીવાસ્તવદ્વારા આરોપી વિરમ સુખાભાઈ સોલંકીને આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ના ગુન્હામાં કસુરવાર ઠરાવી ૭ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૫ હજારના દંડની સજા તથા આઈ.પી.સી. કલમ ૩૭૬, ૩૭૬,(૨),(જે), ૩૭૬,(૨), (એન), ૩૭૬(૩) તથા પોકસો એકટ કલમ ૪, ૬, ૮, ૧૦ તથા ૧૮ના ગુન્હામાં કસુરવાર ઠરાવી ૨૦ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦ હજારના દંડની સજાનો હુકમ કર્યો હતો. જયારે આ બનાવમાં ભોગબનનાર તરૂણીને રૂપિયા ૪ લાખનું વળતર ચુકવવા પણ આદેશ કર્યો હતો.

પાના ૧ ઉપરનું ચાલું **ચિત્તલની યસ બેન્કનાં**

૨૪/૧/૨૦૨૩ના રોજ રૂા. ૭,૬૦,૦૦૦ ની સી.સી. લોન જમા થયેલ હતી.

વૃદ્ધ ખેડૂતના સી.સી. ખાતામાં રૂા. ૭,૬૦,૦૦૦ જમા હોય તે રકમ વૃધ્ધ ખેડૂતની જાણ બહાર યસ બેન્કના અજાણ્યા કર્મચારીએ વૃધ્ધ ખેડૂતના બચત ખાતામાં ટ્રાન્સફર કરી રૂા. ૭,૫૦,૦૦૦ તેની એફ.ડી. કરી દીધેલ અને બાદમાં આ બેંકના કર્મચારીએ તે એફ.ડી. તોડી એફ.ડી.ની રકમ વૃધ્ધ ખેડૂતના સી.સી. ખાતામાં જમા કરી દીધેલ હતી.

ગત તા. ૪/૩/૨૪ ના રોજ વૃધ્ધના સી.સી. ખાતા રહેલ રકમમાંથી રૂા. ૭,૦૦,૦૦૦ બારોબાર બેંક કર્મચારીએ ઉપાડી લીધેલ હતા. તેમજ આ બાબતની જાણ વૃધ્ધ ખેડૂતને ન થાય તે માટે આરોપી બેંક કર્મચારીએ વૃધ્ધ ખેડૂતના સી.સી. ખાતામાં અલગ–અલગ તારીખોમાં વ્યાજ પેટેના કુલ રૂા. ૯૩,૦૦૦ જમા કરાવી અને વૃધ્ધ ખેડૂત સાથે યસ બેન્કના કોઈ અજાણ્યા કર્મચારીએ છેતરપીંડી કર્યાની અમરેલી તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીનાં ભારતનગરમાં**

અમરેલીના સ્પે. (પોકસો) કોર્ટમાં રેગ્યુલર જામીન મેળવવા અરજી કરેલ હતી. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળી અને કોર્ટ દ્વારા ગુનાની ગંભીરતા ધ્યાને લઈ તથા ન્યાયના હિતમાં આરોપી મહેન્દ્રભાઈ કાવઠીયાની રેગ્યુલર જામીન અરજ નામંજૂર કરવામાં આવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું **ધારીમાં વહીવટીતંત્ર દ્વારા**

વિસ્તારમાં રહેતા અસામાજિક તત્વ અને માથાભારે ઈસમ માવજીભાઈ પુનાભાઈ વાઘેલા નામના ઈસમ ઉપર અગાઉ અલગ અલગ શરીર વિરૂદ્ધના મારામારીના તેમજ પ્રોહીબિશનના કુલ ૪ જેટલાં ગુના ધારી પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ હોય તેમજ આઈસમની સને ૨૦૨૨ ની સાલમાં પાસા હેઠળ અટકાયત કરવામાં પણ આવેલ હતી.

આ ઉપરાંત ધારીના લેનપરા વિસ્તારમાં બાપાસીતારામનો ઓટો તથા ધારીના નવી વસાહત વિસ્તારમાં આવેલ એક ધાર્મિક દબાણ પણ સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ દબાણ દૂર કરવામાં આવ્યાનું જણાવાયેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એકાદ મહિના પહેલાં પણ ધારીના હિમખીમડી વિસ્તારમાં પણ પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા એક ગેરકાયદે ઉભું કરેલ મદ્રેસાને પણ તોડી પડાયા બાદ આજે ફરી એક વખત ધારીના પ્રેમપરા વિસ્તારમાં રહેતા અસામાજિક તત્વ અને માથાભારે ઈસમે કરેલ ગેરકાયદે ખડકેલ બાંધકામ તોડી પડતાં આવા ગેરકાયદે બાંધકામ કરી સરકારી જમીન ઉપર દબાણ કરતા શખ્શોમાં વ્યાપક ફફડાટ ફેલાયો છે.

પાના ૧ ઉપરનું ચાલું **નાસતા–ફરતા આરોપીની અટકાયત**

આપી વિસમાં લઈ અને બાદમાં ફરિયાદીએ રૂપિયા ૫૩,૦૪,૦૦૦ રોકાણ કરવા માટે આપેલ હતાં. જે રકમ ઉપર આરોપીએ કોઈ વળતર નહિ આપી પુનિતભાઈ સાથે વિસઘાત કર્યા બાબતે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં કલમ ૪૦૬, ૪૨૦, ૫૦૬(૨), ૧૨૦(બી), ૧૧૪ મુજબ ગુન્હો નોંધાયેલ હતો. આ બનવાનો આરોપી આજદિન સુધી નાસતો ફરતો હતો.

આ બનાવમાં અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાના માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો ટીમ દ્વારા અમરેલી સીટી પોલીસ સ્ટેશનના છેલ્લા દોઢેક માસથી નાસતા ફરતા આરોપી વિશાલભાઈ મહેશભાઈ મહેતા બાબતે હ્યુમન ઈન્ટેલીજન્સ તથા ટેક્નિકલ સોર્સ મારફતે હકીકત મેળવી અમદાવાદ ખાતેથી હસ્તગત કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા સારૂ અમરેલી સિટી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવા તજવીજ કરેલ છે.

આ બનાવના કામે ઝડપાયેલ આરોપી વિશાલભાઈ મહેશભાઈ મહેતા ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા હોય તેમની સામે અલગ અલગ અનેક ગુન્હાઓ નોંધાયેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું **માર્ગ–મકાન વિભાગને**

કરવામાં આવી રહ્યું છે, હાલમાં અમરેલી–દલખાણીયા ઉપરાંત ધારી–કોઠા પીપળીયા રસ્તાની મરામત કામગીરી કરવામાં આવી રહી છે અને બગસરા–ચલાલા માર્ગની મરામત કામગીરી પૂર્ણ કરી દેવામાં પણ આવી છે.

તેમણે કહ્યુ કે, જીરા–નાગધ્રા–લાખાપાદર રસ્તાનું પણ સંભવિત તા. ૧૯ જુલાઈથી મરામત કામગીરી શરૂ કરવામાં આવશે. ધારી–દલખાણીયા રોડની હયાત ૩.૫૦ મીટર પહોળાઈ વધારી ૭ મીટર કરવામાં આવશે તથા બગસરા–ચલાલા રોડનું વાઈડનિંગ કરવામાં આવશે, જેની હયાત ૭ મીટર પહોળાઈ છે તે વધારીને ૧૦ મીટર કરવામાં આવશે. આમ, આ રસ્તાઓની વાઈડનિંગ સાથે ચોમાસા બાદ નવા બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

આ ઉપરાંત ધારી–કોઠા પીપળીયા–ભાડેર રોડ મંજૂર કરવામાં આવ્યો છે, જેની કામગીરી પણ ચોમાસા બાદ શરૂ થશે.

ધારી માર્ગ અને મકાન (રાજય) પેટાવિભાગ નાયબ કાર્યપાલક ઈજનેર સોલંકીએ ઉમેર્યુ કે, ધારી માર્ગ અને મકાન (રાજય) પેટાવિભાગ હેઠળ ના માર્ગ મરામતની સાથે નાના મોટા બ્રિજના નિરિક્ષણને લગતી કામગીરી પણ કરવામાં આવી રહી છે, આ કામગીરી પણ ૭૦ જેટલી પૂર્ણ થઈ છે, અન્ય કામગીરી પ્રગતિ તળે છે.


### જાહેર નોટિસ

આથી આ જાહેર નોટિસ આપી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં ધારી તાલુકાનાં મોજે ચલાલા ગામે અમરેલી–ધારી રોડ રસ્તે આવેલ રે.સ.નં. ૧૬૯/૪ પૈકીથી નોંધાયેલ જમીનમાં આવેલ પ્લોટ નં. ૪૪ ની જમીન ચો.મી. ૧૮૧–૭૦ વાળી મિલ્કત હાલનાં ધારણકર્તા મોનાબેન ભાવિકભાઈ અગ્રાવત સદરહું મિલ્કત ઉપર એસ.બી.આઈ. અમરેલીમાંથી લોન/ધિરાણ/મોર્ગેજ કરવા માંગતા હોય, અમારા પાસે ટાઈટલ કલીયર સર્ટીફિકેટ મેળવવા માંગતા હોય, તેઓએ અમારી સમક્ષ એવી રજુઆત કરેલે છે કે સદરહું મિલ્કત હાલ મારા કબજા, ભોગવટા તેમજ માલીકીની આવેલ છે. પરંતુ સદરહું મિલ્કતના ટાઈટલ ડીડઝ તપાસતા નીચે મુજબના દસ્તાવેજી લેખમાં સંબંધીત કુલમુખત્યારનામું અથવા તેની નકલ મળી આવતી નથી અને ગેરવલ્લે થયેલ છે. તેવી રજુઆત હાલના માલીક મોનાબેન ભાવિકભાઈ અગ્રાવત તરફથી અમારા સમક્ષ કરવામાં આવેલ છે.

(૧) ખોડાભાઈ નારણભાઈ માળવીયાના કુલમુખત્યાર મનજીભાઈ જેરામભાઈ હીરપરાએ અનુ.નં. ૨૩૭, તા. ૨૪/૦૪/૧૯૮૯ ના રોજ કરી આપેલ લેખ સંબંધેનું કુલમુખત્યારનામું

સબબ ઉપરોકત લેખ સબંધે તથા કુલમુખત્યારનામા અન્વયે કે સદર મિલ્કત અન્વયે કે સદર મિલ્કતના કોઈપણ ભાગ અન્વયે કોઈપણ બેંક, સંસ્થા, પેઢી કે વ્યકિતનો કે કોઈપણનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ગીરો, કબજો, બક્ષીસ હોય તો આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયે દિવસ–૩ માં અમો નીચે સહી કરનાર પાસે લેખીત આધાર પુરાવા સાથે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહી તો સદરહું મિલ્કત પરત્વે કોઈને વાંધા તકરાર છે નહી અને હોય તો તે સ્વૈચ્છાએ જતા (WAIVE) કરેલ છે. તેમ માની અમો સદરહું મિલ્કતનું વિશેષ અભિપ્રાય સાથે ટાઈટલ કલીયર સર્ટીફિકેટ એસ.બી.આઈ. બેંક અમરેલી તરફે આપવામાં આવશે ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર એસ.બી.આઈ. બેંક અમરેલીને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

તા. ૧૫/૦૭/૨૦૨૫
ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં. ૧૩
સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી.
મોબાઈલ – ૯૮૨૫૫ ૨૭૧૦૧

દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા (એડવોકેટ )


### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૫૦ | ૧૦૭૫ |
| ૨ | શિંગ મોટી | ૭૩૦ | ૧૧૮૮ |
| ૩ | શિંગદાણા | ૧૩૨૬ | ૧૬૧૫ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૧૦૦ | ૧૪૫૧ |
| ૫ | તલ સફેદ | ૧૧૫૦ | ૨૦૨૫ |
| ૬ | તલ કાળા | ૨૦૦૦ | ૩૮૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૧૪૦ | ૨૧૧૫ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૪૬૨ |
| ૯ | જુવાર | ૩૦૦ | ૮૨૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૬૨ |
| ૧૨ | મકાઈ | ૪૩૮ | ૪૩૮ |
| ૧૩ | મગ | ૧૨૩૫ | ૧૪૯૬ |
| ૧૪ | ચણા | ૮૭૦ | ૧૧૩૯ |
| ૧૫ | સફેદ ચણા | ૯૦૦ | ૧૧૦૮ |
| ૧૬ | છોલે ચણા | ૧૧૨૮ | ૧૩૦૨ |
| ૧૭ | ચોળી | ૮૪૦ | ૧૨૬૫ |
| ૧૮ | તુવેર | ૮૦૦ | ૧૨૮૬ |
| ૧૯ | કપાસ | ૮૪૦ | ૧૬૭૫ |
| ૨૦ | એરંડા | ૧૧૯૦ | ૧૨૯૮ |
| ૨૧ | જીરૂ | ૧૮૫૦ | ૩૪૪૧ |
| ૨૨ | રાય | ૧૧૪૦ | ૧૩૨૫ |
| ૨૩ | ધાણી | ૧૦૦૦ | ૧૩૭૦ |
| ૨૪ | અજમા | ૧૫૦૦ | ૧૯૦૦ |
| ૨૫ | મેથી | ૮૧૫ | ૯૧૦ |
| ૨૭ | સોયાબીન | ૬૨૫ | ૮૧૦ |
| ૨૮ | કાંગ | ૨૭૫ | ૨૭૫ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૦ | ૧૦૩૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૮૫ |
| ૩ | શીંગ દાણા | ૧૧૦૦ | – |
| ૪ | તલ સફેદ | ૧૪૫૦ | ૧૯૦૦ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૪૦૦૦ |
| ૬ | જીરૂ | ૩૩૦૦ | ૪૦૦૦ |
| ૭ | કપાસ | ૧૫૦૦ | ૧૬૫૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૨૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૦૦ |
| ૧૦ | બાજરો | ૩૦૦ | ૩૭૦ |
| ૧૧ | જુવાર | – | ૬૬૧ |
| ૧૨ | મગ | ૧૧૫૦ | ૧૩૯૮ |
| ૧૩ | અડદ | ૭૫૦ | ૧૦૦૦ |
| ૧૪ | ચણા | ૧૦૫૦ | ૧૧૪૫ |
| ૧૫ | તુવેર | ૧૦૦૦ | ૧૩૦૧ |
| ૧૬ | એરંડી | ૧૨૦૦ | ૧૨૬૮ |
| ૧૭ | રાય/રાયડો | ૧૦૫૦ | – |
| ૧૮ | સોયાબીન | ૭૦૦ | ૭૩૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૪૬૧ | ૪૬૧ |
| ૨ | ચણા | ૮૭૫ | ૮૭૫ |
| ૩ | મગ | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૪ | ધાણા | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૫ | સોયાબીન | ૭૯૦ | ૭૯૦ |
| ૬ | તલ કાળા | ૩૯૦૦ | ૩૯૦૦ |
| ૭ | તલ સફેદ | ૧૩૫૦ | ૧૬૫૫ |
| ૮ | બાજરો | ૨૩૫ | ૨૩૫ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૨૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૫ | ૪૭૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૧૮ |
| ૪ | ચણા | ૧૦૭૫ | ૧૧૨૦ |
| ૫ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૭૦૦ |
| ૬ | સોયાબીન | ૫૦૦ | ૭૯૬ |
| ૭ | બાજરો | ૩૦૦ | ૪૯૨ |
| ૮ | તલ કાળા | ૨૬૫૦ | ૨૬૫૦ |
| ૯ | ધાણા | ૧૨૩૫ | ૧૨૬૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૪૪૫ |
| ૧૧ | મગફળી | ૮૭૦ | ૮૭૦ |
| ૧૨ | જુવાર | ૫૦૦ | ૫૦૦ |
| ૧૩ | મગ | ૧૦૦૦ | ૧૫૦૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૬૫ | ૧૬૯૩ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૦૦ | ૧૫૫૦ |
| ૩ | મગફળી | ૧૦૪૫ | ૧૦૮૫ |
| ૪ | જીરૂ | ૨૮૮૦ | ૩૫૫૦ |
| ૫ | ઘઉં | ૪૬૫ | ૫૦૫ |
| ૬ | તલ સફેદ | ૧૫૯૦ | ૧૭૧૦ |
| ૭ | તલ કાળા | ૨૫૭૦ | ૩૯૦૦ |
| ૮ | ચણા | ૧૦૫૮ | ૧૧૧૨ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૫૦૦ | ૭૫૦ |
| ૨ | તલ સફેદ | ૧૩૨૧ | ૨૪૫૧ |
| ૩ | તલ કાળા | ૨૪૫૧ | ૩૩૬૭ |
| ૪ | કપાસ | ૧૩૦૦ | ૧૫૨૫ |
| ૫ | બાજરો | ૩૭૧ | ૪૪૧ |
| ૬ | જુવાર | ૩૫૧ | ૮૭૧ |
| ૭ | મગ | ૧૪૭૧ | ૧૪૭૧ |
| ૮ | અડદ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ૯ | ચણા | ૬૦૦ | ૧૧૩૦ |
| ૧૦ | ધાણા | ૮૦૦ | ૮૦૦ |
| ૧૧ | સોયાબીન | ૭૬૦ | ૮૦૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૩૭૬ | ૧૩૭૬ |




## મીડિયા જગતે બિસ્માર માર્ગો, મકાનો અને પુલો અંગે અહેવાલ પ્રસિધ્ધ કર્યા છતાં કુંભકર્ણ જેવી નિંદ્રા ન છોડી

# વાહ મેઘરાજા વાહ : માર્ગ–મકાન વિભાગને દોડતો કરી દીધો હો !

**અમરેલી જિલ્લામાં સામાન્ય ધારે વરસેલ વરસાદે અનેક માર્ગો, પુલો અને મકાનની હાલત ઉજાગર કરી**

**મેઘરાજાએ મુખ્યમંત્રીથી શરૂ કરીને ગામનાં સરપંચ સુધી સૌને પણ દોડતા કરી દીધા**

**ધારી–દલખાણીયા, ધારી–કોઠા પીપળીયા સહિતનાં માર્ગોની કામગીરી શરૂ કરાઇ**

**ધારી–અમરેલી વચ્ચેનાં ૭ મીટરનાં માર્ગને ૧૦ મીટર પહોળો કરી દેવાશે**



અમરેલી, તા. ૧૫

અમરેલીજિલ્લાનાંબિસ્માર માર્ગો, જર્જરિત બનેલ સરકારી મકાનો અને પડવાનાં વાંકે ઉભા હોય તેવા અલગ–અલગ પુલ અંગે ''અમરેલી એકસપ્રેસ'' સહિતનાં મીડિયા જગતે અવારનવાર અહેવાલ પ્રસિધ્ધ કર્યા છતાં માર્ગ–મકાન વિભાગે ગંભીરતા ન લીધી અને મેઘરાજાએ અમરેલી જિલ્લામાં સામાન્ય વરસાદ પાડીને સમગ્ર તંત્રને દોડતું કરી દીધું છે. મુખ્યમંત્રીથી શરૂ કરીને સરપંચ અને તલાટીમંત્રીથી લઈને મુખ્યઅધિકારીસહિતસૌબિસ્માર માર્ગો અને મકાનો તેમજ પુલોની મરામતનાં કામે લાગી ગયા છે.

અમરેલી જિલ્લાના ધારી–દલખાણીયા રોડનું સીલકોટ મટિરિયલથી અને રોલિંગ દ્વારા સમારકામ કરવામાં આવી રહ્યું છે, હાલ આશરે ૧૩ કિલોમીટર લાંબા આ રોડની ૪૦ટકા મરામત કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. બાકી રહેતી માર્ગ મરામતની કામગીરી આગામી બે દિવસમાં પૂર્ણ કરવામાં આવશે.

આ સંદર્ભમાં ધારી માર્ગ અને મકાન (રાજય) પેટા વિભાગના નાયબ કાર્યપાલક હિરેન સોલંકીએ જણાવ્યુ કે, ભારે વરસાદથી અસરગ્રસ્ત બનેલા રસ્તાઓનું સમારકામ પૂરજોશમાં

અનુસંધાન પાના ૬ ઉપર

**સ્પે. જજ ડી.એસ. શ્રીવાસ્તવ સમક્ષ કેસ ચાલી જતાં**

# અમરેલીમાં એક ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતી તરૂણીનાં ભોળપણનો લાભ લઈ શરીર સબંધ બાંધનારને ૨૦ વર્ષની સજા ફટકારાઈ

**આરોપીને ભોગ બનનાર તરૂણીને ૪ લાખનું વળતર ચુકવવા આદેશ**

અમરેલી, તા. ૧૫

અમરેલીમાં આવેલ એક ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતી એક ૧૫ વર્ષની તરૂણીના ભોળપણનો લાભ લઈ તેણીને લગ્ન કરવાની લાલચ આપી જસદણ તાલુકાના બરવાળા ગામનો વતની અને હાલ ગોંડલ ગામે રહેતો આરોપી વિરમ સુખાભાઈ સોલંકી ભોગ બનનાર તરૂણીને તેણી માતાના કાયદેસરના વાલીપણામાંથી ગત તા. ૭/૧૨/૨૩થી તા. ૯/૧૨/૨૩ દરમિયાન ભગાડી લઈ જઈ શરીર સબંધ બાંધી તથા ગત તા. ૧૭/૧૨/૨૩ ના રોજ બીજી વખત ભોગ બનનારને ભગાડી લઈ જઈ અમરેલીના પ્રતાપપરા રોડે કોઈક જગ્યાએ રાત્રીના સમયે આરોપીએ તરૂણી સાથે શરીર સબંધ બાંધી ભોગ બનનાર સગીર વયની હોય અને તે સમંતી આપવા અસમર્થ હતી. તેમ છતાં આરોપીએ ભોગ બનનાર સાથે શારીરિક અડપલા, રોમાન્સ કરી ભોગ બનનારની સાથે અવાર–નવાર બળાત્કાર ગુજારી જાતીય હુમલો તથા ઉગ્ર જાતીય હુમલો તથા ઉગ્ર પ્રવેશ જાતીય હુમલો કરી ભોગ બનનારની જાતીય સતામણી કર્યા અંગેની ફરિયાદ જે તે સમયે તરૂણીની માતાએ પોલીસમાં નોંધાવી હતી.

આ અંગેનો કેસ અમરેલીના

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)